સુવિચાર

સમજણ વિનાનું સમર્પણ અને વિવેક વિનાનો વિરોધ, બંને ભયાનક હોય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




રાજકોટની નામાંકીત હોસ્પિટલના તબીબે આચર્યુ મેડીકલેઈમ કૌભાંડ P-4

Year-16, Issue-68 ■ DATE : 26-06-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ૧૫ જુલાઈથી ટુ-વ્હીલર ચાલકોને પણ ભરવો પડશે ટોલટેક્સ!

## સરકારની નવી નીતિમાં સંકેતઃ દેશમાં અમલી બની રહેલી ફાસ્ટટેગ ટોલ નીતિમાં આમઆદમી પર પણ બોજો આવશેઃ હાઈવેના પ્રકાર અને મુસાફરીના અંતર મુજબ ટોલટેક્સ નકકી થશે




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં અમલી બનવા જઈ રહેલી નવી ફાસ્ટટેગ ટોલટેકસ નીતિમાં હવે આમ આદમી માટે પણ મુશ્કેલી અને નવા ખર્ચના સંકેત છે. કેન્દ્ર સરકારે આગામી દિવસોમાં કિલોમીટર આધારિત ફાસ્ટટેગ ઓટોમેટીક ડીડકશન પોલીસી તૈયાર કરી છે અને તેમાં ટોલનાકા નહી હોય પરંતુ તેની સાથે હવે હાઈવે પર જતા ટુવ્હીલર એટલે કે દ્વીચક્રી વાહનોને પણ ટોલટેકસમાં આવરી લેવાશે.

સરકારે તા.૧૫ જુલાઈથી આ પોલીસી અમલમાં મુકવાની તૈયારી કરી છે જેના કારણે હાઈવે પર હવે ટોલનાકા એ ભૂતકાળ બની જાય તેવી શકયતા છે. સરકારે અગાઉ રૂા.૩૦૦૦ના ફાસ્ટટેગમાં એક વર્ષની સફરનો એક નવો ખ્યાલ આપ્યો હતો પરંતુ તેની સાથે હાલની જે જોગવાઈ છે તે મુજબ ટુવ્હીલરને પણ હવે હાઈવે પર ટોલટેકસ ભરવો પડશે તેવા સંકેત છે.

જો કે આ અંગે હજુ સતાવાર જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ નથી. પરંતુ સરકાર દ્વારા ટુવ્હીલરને પણ ટોલટેકસ હેઠળ આવરી લેવાની તૈયારી છે. સરકારે અગાઉ જે ડીઝીટલ ટોલ કલેકશન નીતિ જાહેર કરી હતી તેમાં બિનવ્યાપારી વાહનોને રૂા.૩૦૦૦માં પુરા વર્ષ સુધી ટોલ રોડ પર મુસાફરીની સુવિધા આપવામાં આવી છે. પરંતુ સરકારે તેની સાથે હવે લાખો નહી પણ કરોડો ટુવ્હીલરધારકોને પણ ટોલટેક્સ હેઠળ આવરી લેવા તૈયારી કરી છે.

તે અંગે પણ ટુંક સમયમાં સરકાર નવા દર જાહેર કરે તેવી શકયતા છે. જો કે તે ફોર વ્હીલર કરતા ઓછા હશે અને તે ધોરીમાર્ગોના પ્રકાર પર આધાર રાખશે અને કેટલા અંતરનો પ્રવાસ થાય છે તે મુજબ પણ ટુવ્હીલર માટે ટોલટેકસ નકકી થશે.

હાલ દેશભરમાં ટુવ્હીલર માટે કોઈપણ પ્રકારનો ટોલટેકસ નથી. સરકાર એવો પણ સંકેત આપશે કે ઈલેકટ્રીક ટુવ્હીલરને આ પ્રકારનો ટેકસ ભરવો નહી પડે અને તે રીતે ઈ-વાહનોને પણ ઉતેજન મળશે.

મોદી સરકાર હવે ફાસ્ટેગને માત્ર હાઈવે પર ટોલ ભરવા સુધી સિમીત રાખવા નથી માંગતી. રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ મિનિસ્ટ્રી એ જાણી રહી છે કે કેવી રીતે આ ફાસ્ટેગનો ઉપયોગ ઈલેકટ્રીક ગાડીઓને ચાર્જ કરવા, પાર્કીંગ ફી આપવા અને ત્યાં સુધી કે વાહન વીમાનું પેમેન્ટ કરવા માટે પણ કરવામાં આવી શકે. ઉદેશ સ્પષ્ટ છે કે લોકોની સુવિધા વધારવી, ટેકનિકથી બહેતર સેવા આપવી અને ફાસ્ટેગની ઉપયોગીતાને નવુ આયામ આપવું.

હાલ નેશનલ ઈલેકટ્રોનિકસ ટોલ કલેકશન (એમઈટીસી)ફાસ્ટેગ પુરા દેશમાં ૧૭૨૮ ટોલ પ્લાઝા (૧૧૧૩ નેશનલ હાઈવે અને ૬૧૫ સ્ટેટ હાઈવે) પર ચાલી રહ્યા છે. દેશના કુલ ટોલ પેમેન્ટનાં ૯૮.૫ ટકા ભાગ હવે ફાસ્ટેગથી થાય છે.

લગભગ ૩૮ બેન્કોએ મળીને ૧૧ કરોડ ૪ લાખથી વધુ ફાસ્ટેગ ઈસ્યુ કર્યા છે. આ બારામાં માર્ગ પરિવહન મંત્રી નીતીન ગડકરીએ કહ્યું હતું કે ફાસ્ટેજ સિસ્ટમમાં માત્ર ટોલ ભરવાથી અનેક ગણી સંભાવનાઓ છે.

આ પુરા દેશમાં ડીઝીટલ જર્નીને ખુબ જ સરળ બનાવી શકે છે.ફિનટેક કંપનીઓ અને બીજા હિતધારકો સાથે મળીને આપણે ફાસ્ટેગને એક મજબુત પ્લેટફોર્મ બનાવવા માંગીએ છીએ આથી લોકોને સુવિધા મળશે ટ્રાન્સપોર્ટ સેવાઓ સુચારૂ બનશે અને પુરા સેકટરમાં દક્ષતા વધશે.

# એકિસઓમ આજે સ્પેસલેબ સાથે જોડાશે



## શુભાંશુ શુકલાની સફરનો પ્રથમ તબકકો પુરો થશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગઈકાલે એકિસઓમ અવકાશ યાન મારફત સ્પેસલેબમાં પહોંચવા માટે આગળ વધી રહેલા ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુકલાએ એક તરફ તેના પરિવાર સાથેનો સંપર્ક જાળવી રાખ્યો છે.

તો બીજી તરફ આજે પોતે એક સંદેશમાં પોતાના અનુભવને અકલ્પનીય ગણાવ્યો હતો અને ઉમેર્યુ કે મે પુરી રાત સારી રીતે ઉંઘ લીધી છે અને હવે આગળની કામગીરી માટે તૈયાર છું.

આજે કોઈપણ સમયે એકિસઓમ સ્પેસલેબ સાથે જોડાશે અને તેની સાથે જ આંતરરાષ્ટ્રીય સ્પેસલેબમાં પહોંચનાર શુભાંશુ શુકલા પ્રથમ ભારતીય બનશે અને તે ૧૪ દિવસ રોકાશે.

આ અગાઉ શુભાંશુ શુકલાએ પોતાના પ્રથમ સંદેશમાં દેશવાસીઓને નમસ્કાર કર્યા હતા અને કહ્યું હતું કે હુ આ યાત્રા માટે ગૌરવ અનુભવુ છું. નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી સ્પેસએકસ ફાલ્કન નવ રોકેટ દ્વારા આ અવકાશ યાને ઉડાન ભરી હતી અને તે આજે સાંજે ૪.૩૦ વાગ્યે સ્પેસલેબ સાથે જોડાશે અને પૃથ્વીથી સ્પેસલેબની ૨૮ કલાકની સફરનો અંત આવશે.

# ચીનમાં સંરક્ષણ પ્રધાનોની બેઠકમાં પાકિસ્તાનને આડેહાથ લેતા રાજનાથસિંહ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચીનના કિંગદાઓ શહેરમાં યોજાઈ રહેલી SCO (શાંઘાઈ સહકાર સંગઠન) સંરક્ષણ પ્રધાનોની બેઠક દરમિયાન સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આતંકવાદના મુદ્દા પર ચીન અને પાકિસ્તાનને યજમાન બનાવવા માટે મનની વાત કરી. તેમણે કહ્યું કે અમે આતંકવાદ સામે કાર્યવાહી ચાલુ રાખીશું. નિર્દોષોનું લોહી વહેવડાવનારાઓને અમે છોડીશું નહીં. કેટલાક દેશો આતંકવાદને સમર્થન આપે છે. આ મહત્વપૂર્ણ બેઠકમાં પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફ પણ હાજર હતા. પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે, બંને નેતાઓ પહેલીવાર એક મંચ પર સાથે જોવા મળ્યા.




સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં, તેમના પાકિસ્તાની સમકક્ષની સામે, રાજનાથ સિંહે આતંકવાદ અને ઓપરેશન સિંદૂરનો ખુલ્લેઆમ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આતંકવાદ સામે અમારી કાર્યવાહી ચાલુ રહેશે. તેમણે કહ્યું, ભારત માને છે કે સુધારેલ બહુપક્ષીયતા દેશો વચ્ચે સંઘર્ષ અટકાવવા માટે સંવાદ અને સહયોગ માટે મિકેનિઝમ બનાવવામાં મદદ કરી શકે છે. કોઈપણ દેશ, ભલે ગમે તેટલો મોટો અને શક્તિશાળી હોય, એકલા હાથે કાર્ય કરી શકતો નથી.

ચીન પહોંચેલા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ફરી એકવાર ત્યાંથી પાકિસ્તાનને તેનું સ્થાન બતાવી દીધું છે. બન્યું એવું કે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ના સંરક્ષણ પ્રધાનોની બેઠકમાં રાજનાથ સિંહે આતંકવાદ અંગે કડક સંદેશ આપ્યો. તેમણે કહ્યું કે આતંકવાદ અને શષાોનો ફેલાવો માનવતા માટે સૌથી મોટો ખતરો છે અને તેનો સામનો કરવા માટે નિર્ણાયક પગલાં લેવા જરૂરી છે. ચીનના કિંગદાઓમાં યોજાયેલી બેઠકમાં રાજનાથ સિંહે પરોક્ષ રીતે પાકિસ્તાન પર નિશાન સાધ્યું અને બેવડા ધોરણો અપનાવનારાઓ પર સીધો હુમલો કર્યો.

હકીકતમાં, બેઠકમાં રાજનાથ સિંહે કહ્યું હતું કે કેટલાક દેશો સરહદ પારના આતંકવાદને તેમની નીતિનો ભાગ બનાવે છે અને આતંકવાદીઓને આશ્રય આપે છે. SCOએ ખચકાટ વિના આવા દેશોની ટીકા કરવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે શાંતિ અને આતંકવાદ સાથે ન ચાલી શકે.

પોતાના સંબોધનમાં સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા. જેમાં એક નેપાળી નાગરિકનો પણ સમાવેશ થતો હતો. આ હુમલો ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ નામના આતંકવાદી સંગઠન દ્વારા કરવામાં આવ્યો હતો, જે લશ્કર-એ-તૈયબાનું એક ફ્રન્ટ ગ્રુપ છે. હુમલાખોરોએ ધાર્મિક ઓળખના આધારે લોકોને નિશાન બનાવ્યા હતા.

પછી તેમણે ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કર્યો. રાજનાથ સિંહે કહ્યું કે ભારતે ૭ મે ૨૦૨૫ ના રોજ ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું, જેનો ઉદ્દેશ્ય સરહદ પાર આતંકવાદી માળખાને ખતમ કરવાનો હતો. તેમણે કહ્યું કે આ કાર્યવાહી ભારતના આત્મરક્ષાના અધિકાર હેઠળ અને આતંકવાદ સામે મજબૂત સંદેશ આપવા માટે કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું કે ભારત આતંકવાદ સામે કાર્યવાહી ચાલુ રાખશે.

પોતાના સંબોધનમાં, સંરક્ષણ મંત્રીએ એમ પણ કહ્યું કે આજના વિશ્વમાં કોઈ પણ દેશ એકલા બધા પડકારોનો સામનો કરી શકતો નથી. તેમણે બહુપક્ષીય સહયોગને મજબૂત બનાવવા અને વાતચીત અને ભાગીદારી દ્વારા મતભેદોને ઉકેલવાની જરૂરિયાત પર ભાર મૂકયો. રાજનાથ સિંહે કહ્યું કે ભારતની વિચારસરણી સર્વે જન સુખિનો ભવન્તુ ની ભાવના પર આધારિત છે. જેમાં સૌ માટે શાંતિ અને સમૃદ્ધિની કામના કરવામાં આવે છે. તેમણે બેલારુસને લ્દ્બ માં જોડાવા બદલ અભિનંદન પણ આપ્યા.

# નબળી ગુણવત્તા અને બનાવટી દવાઓ સામે સરકારની લાલ આંખ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આકરા કાયદા છતાં દર્દીઓની જીંદગી સાથે ખીલવાડ કરતી નબળી ગુણવતા કે બનાવટી દવાઓનાં મામલે સરકારે હવે વધુ કડક કદમ ઉઠાવવાના ચક્રો ગતિમાન કર્યા છે.હવે દવા સબ-સ્ટાન્ડર્ડ જાહેર થાય અથવા ગુણવતા માપદંડમાં ફેઈલ થવાના સંજોગોમાં ઉત્પાદક ફાર્મા કંપનીનું લાયસન્સ જ રદ કરવાની વિચારણા શરૂ કરવામાં આવી છે.



દવાઓની ગુણવતા તથા તે સંબંધી કાયદા વિશે કેન્દ્ર તથા રાજયો વચ્ચે વાટાઘાટોનો દોર ચાલી રહ્યો છે તે દરમ્યાન આરોગ્ય મંત્રાલય દ્વારા આ દરખાસ્ત કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારનાં સુત્રોએ કહ્યુ કે સરકારી લેબ ચકાસણીમાં દવાનું સેમ્પલ ફેઈલ થાય અને સબ સ્ટાન્ડર્ડ જાહેર થવાનાં સંજોગોમાં ઉત્પાદક કંપનીનું લાયસન્સ સસ્પેન્ડ કરતો નિર્ણય લેવાયો છે અને તુર્તમાં તેજી નોટીફીકેશન જારી કરવામાં આવશે. ત્યારબાદ કંપની આ દવાનું વેચાણ કરી શકશે નહીં એટલું જ નહીં તેનો તમામ સ્ટોક પણ રી-કોલ કરવો પડશે અને તેના તે દવા ફરી એક વખત સેન્ટ્રલ ડ્રગ ઓથોરીટી દ્વારા મંજૂરી અપાઈ તે પછી જ વેચાણમાં મુકી શકાશે.

જોકે સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન કે જે આ સમગ્ર પ્રક્રિયાનું સંચાલન કરે છે તેના આ પ્રકારના નિર્ણય સામે ફાર્મા લોબી વિરોધ કરે તેવા સંકેત છે. પરંતુ ભારતમાં જે રીતે સબ સ્ટાન્ડર્ડ દવાઓનું માર્કેટ વધી રહ્યું છે તે જોતા સરકારે હવે અંતિમ નિર્ણય લઈ લીધો હોવાનું માનવામાં આવે છે કે જે ગુણવતા ટેસ્ટમાં નિષ્ફળ જાય અથવા તો તેના ઉપયોગમાં પ્રશ્ન ઉભા થાય કે તુર્ત જ તેની સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

ત્યાં સુધી દવાનું વેચાણ સસ્પેન્ડ રહેશે. એટલું જ નહીં આ પ્રકારની દવાઓના ઉત્પાદન બદલ જે તે કંપનીઓ સામે શિક્ષાત્મક પગલા પણ લેવાઈ શકે છે.

ફકત ભારત જ નહીં વિદેશમાં નિકાસ થતા કફ સીરપ જેવા ઉત્પાદનો સામે પણ પ્રશ્ન ઉભા થયા છે અને તેના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના ફાર્મા ક્ષેત્રને પણ સહન કરવું પડયું છે.

અમેરીકા સહિતના દેશોમાં નિકાસ થતી દવાઓમાં આ દેશની ડ્રગ કંટ્રોલ ઓથોરીટી ભારતમાં ફાર્મા ફેકટરીઓનું વારંવાર ચેકીંગ કરે છે અને તેના ગુણવતાના ધોરણો નિશ્ચિત કરે છે પરંતુ દેશમાં વેચાતી દવાઓ માટે તે લાગુ પડતું નથી.

તેથી જ હવે સરકારે ડ્રગ સ્ટાન્ડર્ડમાં આંતરરાષ્ટ્રીય માપદંડ જેને ગોલ્ડ સ્ટાન્ડર્ડ કહેવામાં આવે છે તે અમલમાં મુકવા તૈયારી કરી છે અને તેમાં કંપનીઓના લાયસન્સ રદ કરવાની જોગવાઈ કરી છે.

# બંધારણ જ સર્વોપરીઃ ચીફ જસ્ટીસની સ્પષ્ટ વાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ ગવઈએ બુધવારે નાગપુરની મુલાકાત દરમિયાન એક નવી ચર્ચા શરૂ કરી છે. અમરાવતી બાર એસોસિએશન દ્વારા આયોજિત સન્માન સમારોહમાં તેમણે ભાવનાત્મક ભાષણ આપ્યું. સરળ વાતાવરણમાં ઉછરેલા જસ્ટિસ ગવઈએ જણાવ્યું કે તેઓ દેશના સર્વોચ્ચ ન્યાયિક પદ પર કેવી રીતે પહોંચ્યા. તેમણે તો એમ પણ કહ્યું કે, ન તો સંસદ, ન તો કાર્યપાલિકા (સરકાર) કે ન તો ન્યાયતંત્ર સર્વોચ્ચ છે.'' દેશનું બંધારણ જ સર્વોચ્ચ છે અને ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયાધીશો તેના રક્ષક છે.



ન્યાયાધીશો પર મોટી જવાબદારી હોય છે તે દર્શાવતા મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે લોકો તેમના ચુકાદાને કેવી રીતે જુએ છે તેના આધારે ન્યાયાધીશને માર્ગદર્શન આપી શકાય નહીં. તેમનો નિર્ણય બંધારણ, કાયદો અને અંતરાત્મા પર આધારિત છે. તેમણે મૂળભૂત અધિકારો અને રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો વચ્ચે સંતુલન પર ભાર મૂકયો. મુખ્ય ન્યાયાધીશ ગવઈએ કહ્યું, મેં દરેક નિર્ણયમાં સામાજિક ન્યાય, સમાનતા-બંધુત્વ અને બંધારણીય નૈતિકતા જાળવવાનો પ્રયાસ કર્યો છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈએ બુધવારે કહ્યું કે ભારતનું બંધારણ સર્વોચ્ચ છે. આપણા લોકશાહીના ત્રણેય અંગો (ન્યાયપાલિકા, કાર્યપાલિકા અને વિધાનસભા) બંધારણ હેઠળ કાર્ય કરે છે. સીજેઆઈ ગવઈએ કહ્યું કે કેટલાક લોકો કહે છે કે સંસદ સર્વોચ્ચ છે પરંતુ મારા મતે બંધારણ સર્વોચ્ચ છે.

સુપ્રીમ કોર્ટના ૫૨મા CJI તરીકે શપથ ગ્રહણ કરનારા જસ્ટિસ ગવઈ તેમના વતન અમરાવતીમાં તેમના સન્માન સમારોહમાં બોલી રહ્યા હતા. સીજેઆઈ ગવઈએ કહ્યું કે સંસદ પાસે સુધારા કરવાની સત્તા છે, પરંતુ તે બંધારણના મૂળભૂત માળખાને બદલી શકતી નથી.

સીજેઆઈ ગવઈએ કહ્યું કે ન્યાયાધીશે હંમેશા યાદ રાખવું જોઈએ કે આપણી ફરજ છે, અને આપણે નાગરિકોના અધિકારો, બંધારણીય મૂલ્યો અને સિદ્ધાંતોના રક્ષક છીએ. આપણી પાસે ફક્ત શક્તિ જ નથી, પણ આપણી પર એક ફરજ પણ છે. ન્યાયાધીશે પોતાના નિર્ણયો વિશે લોકો શું કહેશે અથવા શું અનુભવશે તેમાં વ્યસ્ત રહેવું જોઈએ નહીં.

CJI એ કહ્યું કે તેમણે હંમેશા પોતાના ચુકાદાઓ અને કાર્યને બોલવા દીધા છે અને હંમેશા બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારોનું સમર્થન કર્યું છે. બુલડોઝર ન્યાય વિરુદ્ધના પોતાના ચુકાદાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આશ્રયનો અધિકાર સર્વોચ્ચ છે.

સીજેઆઈ ગવઈએ કહ્યું-ન્યાયાધીશો જમીની વાસ્તવિકતાને અવગણી શકે નહીં; લોકોથી અંતર રાખતી ન્યાયતંત્ર અસરકારક નથી.

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) ના એક કાર્યક્રમમાં, CJI બીઆર ગવઈએ કહ્યું હતું કે ન્યાયાધીશો જમીની વાસ્તવિકતાઓને અવગણી શકે નહીં. સીજેઆઈ ગવઈએ કહ્યું હતું કે આજનું ન્યાયતંત્ર માનવ અનુભવોની જટિલતાઓને અવગણીને કાનૂની બાબતોને કડક કાળા અને સફેદ શબ્દોમાં જોવાનું પોસાય તેમ નથી.

સીજેઆઈએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ન્યાયતંત્રમાં લોકોથી અંતર જાળવી રાખવું અસરકારક નથી. તેમણે એ ખ્યાલને નકારી કાઢયો કે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોએ લોકો સાથે વાતચીત કરવાનું ટાળવું જોઈએ.

# ઇઝરાયલ-ઈરાન વચ્ચેના યુધ્ધમાં બન્ને પક્ષોને ૮૦ અબજ ડોલરનું આર્થીક નુકસાન



**મુખ્ય સમાચાર, તહેરાન**

આંતરરાષ્ટ્રીય વિશ્લેષણ સંસ્થા RAND કોર્પોરેશન, ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝ અને સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPI) ના અંદાજ મુજબ, અત્યાર સુધીમાં આ યુદ્ધમાં બંને પક્ષોને લગભગ ૭૫-૮૦ અબજ ડોલરનું આર્થિક નુકસાન થયું છે.

ઇઝરાયલ-ઈરાન લશ્કરી સંઘર્ષ દાયકાઓમાં વિશ્વના સૌથી વિનાશક યુદ્ધ તરીકે ઉભરી આવ્યો છે. આ હવાઈ અને ટેકનોલોજીકલ મુકાબલો માત્ર શસ્ત્ર શક્તિનું પ્રદર્શન જ નહોતું, પરંતુ તેના પરિણામે અબજો ડોલરનું આર્થિક નુકસાન, નાગરિક વિસ્તારોનો વિનાશ અને વ્યૂહાત્મક અસ્થિરતાનું ભયાનક ચિત્ર પણ જોવા મળ્યું હતું.

આંતરરાષ્ટ્રીય વિશ્લેષણ સંસ્થા રેન્ડ કોર્પોરેશન, ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝ અને સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPI) ના અંદાજ મુજબ, આ યુદ્ધમાં અત્યાર સુધીમાં બંને પક્ષોને લગભગ ૭૫-૮૦ બિલિયનનું આર્થિક નુકસાન થયું છે.

ઇઝરાયલને લગભગ ૩૦ થી ૩૫ બિલિયનનું નુકસાન થયું છે, જેમાં સંરક્ષણ પ્રણાલીઓ, માળખાગત સુવિધાઓ અને નાગરિક સંપત્તિઓને નુકસાનનો સમાવેશ થાય છે. જ્યારે ઈરાનને લગભગ ૪૦ થી ૪૫ બિલિયનનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.

જેમાં તેલ રિફાઈનરીઓ, લશ્કરી થાણાઓ અને પરિવહન નેટવર્ક પરના હુમલાઓનો સમાવેશ થાય છે.૧૨ દિવસના ભયંકર યુદ્ધને કારણે ઈરાન ૧૦ વર્ષ પાછળ ગયું.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ કમાન્ડ સેન્ટરના વડા અલી શાદમાનીનું અવસાન થયું છે. તેઓ ઇઝરાયલી હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈરાનના રાજ્ય મીડિયાએ બુધવારે શાદમાનીના મૃત્યુની જાણ કરી હતી.

ગાર્ડ્સ કમાન્ડ સેન્ટરે શાદમાનીની હત્યાનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે. જોકે, ઇઝરાયલી સેનાએ ૧૭ જૂને જ શાદમાનીને મારી નાખવાનો દાવો કર્યો હતો. હવે મૃત્યુની પુષ્ટિ થઈ ગઈ છે.

સંરક્ષણ મંત્રાલય, તેહરાનમાં IRGC મુખ્યાલય, સંદેશાવ્યવહાર નેટવર્ક અને અનેક રહેણાંક વિસ્તારોને વ્યાપક નુકસાન, ઇસ્ફહાનમાં ડ્રોન ફેક્ટરીઓ, મિસાઇલ પ્લાન્ટ અને લશ્કરી થાણા સંપૂર્ણપણે નાશ પામ્યા, અરકમાં પ્લુટોનિયમ આધારિત પરમાણુ પ્લાન્ટનું ઓપરેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંપૂર્ણપણે નાશ પામ્યું, કોમમાં ધાર્મિક શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો અને મિસાઇલ લોન્ચિંગ સ્થળોને પણ ભારે નુકસાન થયું છે.

# પક્ષ વિરોધી પ્રવૃતિ બદલ આપે ધારાસભ્ય ઉમેશ મકવાણાને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બોટાદના આપના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ યોજી આમ આદમી પાર્ટીના દંડક પદેથી રાજીનામું આપ્યા બાદ પાર્ટીએ ઉમેશ મકવાણાને ૫ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા છે. પાર્ટીએ પક્ષવિરોધી ગતિવિધિનો આરોપ લગાવ્યો છે. આ અંગે ઇસુદાન ગઢવીએ સત્તાવાર જાહેરાત કરી હતી.




બોટાદ આપના ધારાસભ્ય ઉમેશ મકવાણા આમ આદમી પાર્ટી સામે બાંયો ચડાવતાં આજે (ગુરૂવારે) દંડક અને જોઈન્ટ સેક્રેટરી સહિતના તમામ પદેથી રાજીનામું આપ્યું હતું. ત્યાર-બાદ પાર્ટીએ કડક કાર્યવાહી કરતાં ઉમેશ મકવાણાને ૫ વર્ષ માટે સસ્પેન્ડ કરતાં કર્યા છે અને પાર્ટી પક્ષવિરોધી ગતિવિધિઓનો આરોપ લગાવ્યો છે. તો બીજી તરફ ઉમેશ મકવાણાએ રાજીનામું આપ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે પાર્ટી દ્વારા ઓબીસી સમાજ અને પછાત વર્ગના નેતાઓનો ચૂંટણીમાં માત્ર ઉપયોગ થાય છે અને ચૂંટણી બાદ તેમને હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે.

કોંગ્રેસ છેલ્લા વર્ષોથી સત્તાથી દૂર છે તેમછતાં પછાત સમાજનો અવાજ બની શકી નથી. હું જ્યારે આપમાં અલગ અલગ હોદ્દાઓ પર હતો ત્યારે મને ખુદ અહેસાસ થઇ રહ્યો છે કે પછાત સમાજના મુદ્દા ઉઠાવવાના હોય છે ત્યારે પાર્ટી તરફથી ઉણપ જોવા મળે છે. હોદ્દા આપવાની વાત આવે ત્યારે સવર્ણ સમાજને હોદ્દા આપવામાં આવે છે. ચૂંટણી ટાણે ઓબીસીનો માત્ર વોટ બેંક તરીકે ઉપયોગ થાય છે. ચૂંટણી પૂરી થઇ ગયા બાદ હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે.

# કેસરી હિન્દપુલ પર વિદેશી દારૂભરેલી કાર સાથે ચાલક ઝડપાયો

### ૬૦ બોટલ દારૂ અને કાર સહિત ૧.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત; એક શખ્સનું નામ ખુલતા શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કેસરી હિન્દપુલ પર જીતેન્દ્ર બુક સ્ટોલની સામે થી એક કાર માં દારૂ ભરી હેરાફેરી થતી હોવાની બાદ બાતમીને આધારે એલસીબી ઝોન.૧ ની ટીમેં દરોડો પાડી ૩૭હજારનો દારૂ જપ્ત કર્યો હતો. એલસીબી ઝોન.૧ ટિમના પીએસઆઈ બી.વી. ચુડાસમા, એ.એસ.આઈ મનરૂપગીરી ગૌસ્વામી, ભરતભાઈ વાઘેલા, હિતેશભાઈ પરમાર, રવીરાજભાઈ પટગીર, સત્યજીતસિંહ જાડેજા અને દિવ્યરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફે કેસરી હિન્દપુલ તરફ જીતેન્દ્ર બુક સ્ટોલની સામેથી એક કારને અટકાવી તલાશી લેતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની ૩૭ હજારની ૬૦ દારૂની બોટલ મળી કુલ ૧૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.કારના ચાલક રિઝવાન હાસમભાઈ ઢોલકિયા (રહે.મોચી બજાર કારખાનાની બાજુમાં ભરતભાઈના મકાનમાં ભાડેથી)ની ધરપકડ કરવામાં આવી હતી. તેની પૂછપરછમાં સોયબ ભાડુલા (રહે.ભગવતીપરા જે માડી હોટેલની સામે)નું નામ ખુલતા તેની શોધખોળ કરવામાં આવી હતી. જ્યારે બીજા બનાવમાં હીરાસર ગામના બસ સ્ટેન્ડ પાસે થી નવાગામ (આણંદપર) ના દેવનગરના ઢોરા પાસે રહેતા રાજેશ હિતેશભાઈ ભાંખોડીયાને નવ દારૂની બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. જ્યારે ત્રીજા દરોડામાં નવલનગરમાં વિજય ઉર્ફે ભાણો વસંતભાઈ બોરીચાના મકાનમાંથી છ દારૂની બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો.

# જામનગરમાં ન્યુ સાધના કોલોની જમાઈપર વિસ્તારમાં આવેલી આંગણવાડીને નિશાન બનાવતા તસ્કરો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સાધના કોલોની નજીક જમાઈ પર વિસ્તારમાં આવેલી એક આંગણવાડીને કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધી હતી, અને અંદરથી માલ સામાનની ચોરી કરી લઈ ગયાનો બનાવ સામે આવતાં દોડધામ થઈ છે.કોઈ તસ્કરોએ આંગણવાડીના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ મેળવી લીધો હતો, ત્યારબાદ અંદર રાખવામાં આવેલા રાંધણ ગેસના બે બાટલા, અને એક ચૂલો, ઉપરાંત ૧૫૦ કિલો ચોખા અને તેલનો ડબ્બો સહિતની સામગ્રી તસ્કરો ઉઠાવી ગયા હતા.આ ચોરીના બનાવ અંગે આજે સવારે આંગણવાડી ખોલવામાં આવી, ત્યારે ધ્યાનમાં આવતાં પોલીસ તંત્રને જાણ કરવામાં આવી છે, અને સીટી એ. ડિવિઝનનો પોલીસ કાફલો દોડતો થયો છે.

# રાજકોટ જિલ્લા સહિત સૌરાષ્ટ્રમાં ત્રણ દિવસના શાળાપ્રવેશ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજય સરકાર દ્વારા રાજકોટ-જિલ્લા સહિત સૌરાષ્ટ્રમાં આજથી ત્રણ દિવસના શાળા પ્રવેશ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થયો છે. પ્રતિ વર્ષ નવા શૈક્ષણિક સત્રના આરંભ બાદ શાળા પ્રવેશ અને કન્યા કેળવણી મહોત્સવ આયોજીત કરવામાં આવે છે.

પરંતુ આ વખતે ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈને નવા શૈક્ષણિક સત્રના આરંભ બાદ ૧૭ દિવસ પછી આ શાળા પ્રવેશ અને કન્યા કેળવણી મહોત્સવ યોજવામાં આવેલ છે. જેમાં આજે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયના મહિસાગર જિલ્લામાં બાળકોને વાજતે ગાજતે નામાંકન કરાવી શાળા પ્રવેશ કરાવેલ હતાં.

રાજય સરકારના મંત્રીઓ-ધારાસભ્યો તેમજ આઈ.એ.એસ. આઈ.પી.એસ. સહિતના ૪૦૦ જેટલા અધિકારીઓ રાજયમાં આ શાળામાં પ્રવેશોત્સવમાં જોડાયા છે. રાજકોટ જિલ્લામાં ત્રણ દિવસના આ શાળા પ્રવેશ અને કન્યા કેળવણી મહોત્સવ દરમિયાન ધો.૧માં ૪૯૭૬ અને બાલવાટીકામાં ૧૬૫૪૧ વિદ્યાર્થીઓ મળી કુલ ૧૮૫૧૭ વિદ્યાર્થીઓ શાળા પ્રવેશ કરશે.

રાજકોટ જિલ્લામાં દરમિયાન મહાનુભાવોના હસ્તે કુલ ૧૮,૫૧૭ ભૂલકાંઓનો શાળા પ્રવેશ કરાવવામાં આવશે. રાજકોટ જિલ્લામાં જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત ૮૪૬ અને જેતપુર તથા ઉપલેટામાં નગર શિક્ષણ સમિતિ સંચાલિત ૨૧ પ્રાથમિક શાળા સહિત કુલ ૮૬૭ પ્રાથમિક શાળાઓ કાર્યરત છે.

જેમાં હાલમાં ૫૪,૩૩૧ કુમાર તથા ૫૨,૩૩૭ કન્યા મળી કુલ ૧ લાખ ૬ હજાર ૬૬૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ વર્ષે શાળાઓમાં ધો.૧માં ૪,૯૭૬ વિદ્યાર્થીઓ તેમજ બાલવાટિકામાં ૧૩,૫૪૧ વિદ્યાર્થીઓ મળી કુલ ૧૮,૫૧૭ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ થશે. આ મહોત્સવ દ્વારા રાજકોટ ખાતે ૭૧ રૂટમાં ૮ આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ., ડી.એસ, જે. એસ. કક્ષાના તથા ૭૧ ક્લાસ વન અને ટુ ના અધિકારીઓ દ્વારા ભૂલકાંઓને શાળામાં પા-પા પગલી કરાવવામાં આવશે.

તાલુકા અનુસાર બાલવાટિકા વર્ગમાં ધોરાજી તાલુકાના ૭૩૯, ગોંડલ તાલુકાના ૧૧૮, જામકંડોરણાના ૪૮૦, જેતપુરના ૧૧૦૯, જસદણના ૧૬૬૯, કોટડાસાંગાણીના ૮૫૭, લોધિકાના ૬૩૨, પડધરીના ૬૩૭, રાજકોટના ૨૧૫૩, ઉપલેટાના ૧૦૭૧ અને વિંછીયા તાલુકાના ૧૧૨૮ એમ કુલ ૧૩૫૪૧ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧મા ધોરાજી તાલુકાના ૪૧, ગોંડલ તાલુકાના ૩૩૯, જામકંડોરણાના ૨૪, જેતપુરના ૩૪, જસદણના ૧૯૧૨, કોટડાસાંગાણીના ૪૬, લોધિકાના ૪૮, પડધરીના ૧૩, રાજકોટના ૨૪૬૫, ઉપલેટાના ૨૯ અને વિંછીયા તાલુકાના ૨૫ એમ કુલ ૪૯૭૬ વિદ્યાર્થીઓ શાળા પ્રવેશ કરશે.

આ સાથે જિલ્લાના ધો. ૯ માધ્યમિક તેમજ ધો.૧૧ ઉચ્ચતર માધ્યમિકમાં પ્રવેશ કરતાં વિદ્યાર્થીઓને પણ ઉચ્ચ અભ્યાસ માટે શાળા પ્રવેશ કરાવવામાં આવશે.

# નવાગામ ઘેડમાં યુવાનની હત્યામાં બે શખ્સોના રિમાન્ડ મેળવવા તજવીજ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલ ઈન્દિરા સોસાયટીમાંમાં રહેતા પૂર્વ પત્નીના પ્રેમીએ યુવાનની લોખંડની કોષ અને દાતરડાના ઘા ઝીંકી હત્યા કરી હતી. આ પ્રકરણમાં પોલીસે બે શખ્સોની અટકાયત કરી લીધી છે. જેના રિમાન્ડ માટેની તજવિજ હાથ ધરવામાં આવી છે. યુવાને પોતાની પૂર્વ પત્નીને ફોન કરતા તેના પ્રેમીને ખબર પડી ગઈ હતી અને આ વાત પસંદ ન આવતા ઘરમાં ઘૂસી તેની હત્યા નિપજાવવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલ ઈન્દિરા સોસાયટીમાં રહેતા મિલનભાઈ હેમંતભાઈ પરમાર નામના ૪૨ વર્ષીય યુવાનના છ માસ અગાઉ છુટાછેડા થયા હતા. ત્યારબાદ તેમની પત્ની દક્ષા પોતાના યુવાન પુત્ર સાથે બાજુના વિસ્તારમાં રહેતા આરોપી મયુર ગોહિલ સાથે રહેતી હતી. આ દરમિયાન ગત રવિવારના રોજ મિલનભાઈએ તેની પૂર્વ પત્નીને ફોન કર્યો હતો અને આ વાત આરોપી મયુરને જાણ થઈ જતા તે ઉસકેરાઈ ગયો હતો. ફોનની જાણ થતાની સાથે જ આરોપી રાત્રિના સમયે તેના મિત્ર સંજય સાથે યુવાનના ઘરમાં ઘૂસી ઝઘડો કર્યો હતો.

ત્યારબાદ વાત વાતમાં ઝઘડો ઉગ્ર સ્વરૂપ ધારણ કરી



લેતા આરોપીએ યુવાનને ગુપ્ત ભાગે અને શરીરના ભાગે લાતો મારી મુઠ ઈજા પહોંચાડી હતી. બાદમાં લોખંડની કોશ અને દાતરડા વડે હુમલો કરી હત્યા નીપજાવી હતી. જે પ્રકરણની મૃતક મિલનભાઈ ના ભાણેજ યશ હસમુખભાઈ ગોહિલની ફરિયાદના આધારે પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ પ્રકરણમાં સંડોવાયેલા આરોપી મયુર ગોહિલ અને તેના મિત્ર સંજયને પોલીસે અટકાયત કરી છે. બંને આરોપીઓના રિમાન્ડ માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં મિલનભાઈ પરમારના છ માસ પહેલા દક્ષાબેનુ સાથે છુટાછેડા થયા હતા અને આ દંપતીને બે સંતાનો હોય જેમાં એક પુત્રી સાસરે છે અને યુવાન પુત્ર માતા સાથે જ રહેતો હતો.

# ઈવીએમ વેરહાઉસની મુલાકાત લઈ સમીક્ષા કરતા જિલ્લા કલેક્ટર

### જાણવણી અને સુરક્ષા બાબતે માહિતી મેળવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના નવા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ દ્વારા ચાર્જ સંભાળ્યા બાદ આજે પ્રથમ વખત EVM વેરહાઉસની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમની સાથે જિલ્લા ચૂંટણી અધિકારી એન. કે.



મુચ્ચર સહિતના અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

કલેક્ટર ડો. ઓમ પ્રકાશે વેરહાઉસમાં રાખવામાં આવેલા EVM મશીનોની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું અને તેની સુરક્ષા વ્યવસ્થા અંગે માહિ-તી મેળવી હતી.આ મુલાકાત દ્વારા કલેક્ટરે EVM વેરહાઉસની કાર્યપદ્ધતિ અને ત્યાંની વ્યવસ્થા અંગેની જાણકારી મેળવી હતી. આ નિરીક્ષણનો મુખ્ય હેતુ ભવિષ્યમાં યોજાનારી ચૂંટણીઓ માટે ની યોગ્ય જાળવણી અને સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો.

# ગુજરાતના દરેક ગામડાને હાઈસ્પીડ ઈન્ટરનેટ મળશે

### રાજ્યમાં એમેન્ડેડ ભારત નેટ પ્રોજેકટના ત્રીજા તબકકાનો તુરંતમાં પ્રારંભઃ મુખ્ય સચિવ અને કેન્દ્રના દુરસંચાર સચિવની હાજરીમાં ચાર પક્ષો વચ્ચે એમઓયુ થયા

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગાંધીનગર ખાતે રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોષી તેમજ ભારત સરકારના દૂરસંચાર વિભાગના સચિવ નીરજ મિત્તલની ઉપસ્થિતિ-માં એમેન્ડેડ ભારતનેટ (ફેઝ-૩)ની અમલીકરણ કામગીરી માટે ગુજરાતના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લી., ભારત સરકારના ડિજિટલ ભારત નિધિ તેમજ ભારત સંચાર નિગમ લી. ને મળી કુલ ચાર સહભાગી પક્ષો વચ્ચે રાજ્ય કરાર કરવામાં આવ્યા હતા.

જેમાં ભારત સરકાર વતી અધિક સચિવ અને ડિજિટલ ભારત નિધિના એડમિનિસ્ટ્રેટર નીરજ વર્મા તેમજ ગુજરાત સરકાર વતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધાર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટલ કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવા તેમજ શહેરી-ગ્રામીણ ડિજિટલ અંતરને દૂર કરવા માટે ત્રીજા તબક્કા હેઠળ ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં પણ ૯૮ ટકાથી વધુ સર્વિસ અપટાઇમ સુનિશ્ચિત કરીને સમાન ડિજિટલ સુલભતા પ્રદાન કરવાનો રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે.

રાજ્ય આધારિત મોડેલમાં એમેન્ડેડ ભારતનેટ કાર્યક્રમ (ફેઝ-૩)ના અમલીકરણ માટે મેમોરેન્ડમ ઓફ કોઓપરેશન પર હસ્તા-ક્ષર કરનાર ગુજરાત દેશના ૮ રાજ્યો પૈકીનું પ્રથમ રાજ્ય બન્યું છે.

ગત જાન્યુઆરી-૨૦૨૫માં ભારત સરકાર દ્વારા ભારતનેટ ફેઝ-૩ માટે ગુજરાતને એક વખતના મૂડી ખર્ચ અને ૧૦ વર્ષના નિભાવખર્ચ માટે કુલ રૂ. ૫,૬૩૧ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ બાદ આ કરાર થયા છે.

રાજય સરકાર દ્વારા રાજ્ય-આધારિત મોડલ હેઠળ ભારતનેટ ફેઝ-૨નો સફળતાપૂર્વક અમલ કર્યો છે. જે અંતર્ગત ૨૨ જિલ્લાની ૮,૦૦૦થી વધુ ગ્રામ પંચાયતોને આવરી લઇ રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં સીમલેસ ડિજિટલ કનેક્ટિવિટી પૂરી પાડતી માળખાકીય



સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

આગામી સમયમાં ગુજરાતમાં અમલમાં આવનાર અમેન્ડેડ ભારતનેટ ફેઝ-૩ પ્રોજેક્ટ હેઠળ રાજ્યની ૧૪,૨૮૭ ગ્રામ પંચાયતો અને ૩,૮૯૫ ગામોને આધુનિક ડિજિટલ કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડવામાં આવશે.જેમાં ૯૮ ટકાથી વધુ સર્વિસ અપટાઇમ રહેશે. જેના પરિણામે હાઇ-સ્પીડ ઈન્ટરનેટ અને ડિજિટલ પ્લેટફોર્મ ગ્રામ્ય વિસ્તરમાં વસવાટ કરતા નાગરિકોના સામાજિક જીવનમાં સુધારો લાવશે.

રાજ્ય સરકારના વિભાગો, ખેડૂતો, વિદ્યાર્થીઓ, મહિલાઓ, ગ્રાહકો વગેરે માટે ઈલેક્ટ્રોનિક અને મૂલ્યવર્ધિત સેવાઓ દ્વારા સીધા જોડાઈ શકશે, જે વંચિત ગ્રામજનોનું જીવનધોરણ સુધારવામાં મદદરૂપ થશે.

# ગોકુલનગર પાસેથી શખ્સ ઈંગ્લીશ દારૂના ૧૯૨ ચપટા સાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગોકુલનગર નજીકના આશાપુરા સર્કલ પાસેથી પોરબંદરનો એક શખ્સ ઈંગ્લીશ દારૂના ૧૯૨ ચપટા સાથે ઝડપાઈ ગયો છે. જ્યારે નવા એંસી ફૂટ રોડ પર એક મકાનમાંથી દારૂના ચાર ચપટા ઝડપાયા છે અને કાલાવડ નાકા બહારના વિસ્તારમાંથી બે બોટલ સાથે એક શખ્સ મળી આવ્યો છે.જામનગરના ગોકુલનગર વિસ્તારમાં આવેલા આશાપુરા સર્કલ પાસે ઈંગ્લીશ દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમી પરથી સિટી સી ડિવિઝનના સ્ટાફે વોચ રાખી હતી. તે દરમિયાન રાત્રે સાડા બારેક વાગ્યે એક શખ્સ પસાર થતાં તેને રોકી લેવામાં આવ્યો હતો.પોલીસે આ શખ્સની તલાશી લેતા તેની પાસેથી ઈંગ્લીશ દારૂના ૧૯૨ ચપટા મળી આવ્યા હતા. પોરબંદરના બોખીરામાં આવેલી સોસાયટીમાં રહેતા રાજ હરીશભાઈ મદલાણી નામના આ શખ્સની પોલીસે દારૂ તેમજ એક મોબાઈલ મળી કુલ રૂ.૩૩૫૨૦નો મુદ્દામાલ કબજે કરી ધરપકડ કરી છે.

# ઉના ગીર ગઢડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વિજેતા સરપંચોનું ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા સમાન




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

તાજેતરમાં સમગ્ર ગુજરાતમાં ગ્રામ પંચાયતની સામાન્ય/પેટા ચુંટણીઓ યોજાઈ હતી. જેમાં ઉના તેમજ ગીરગઢડા તાલુકામાં ખાલી પડેલી ગ્રામ પંચાયતની બેઠકોમાં જેની મત ગણતરી થતા ઉના તાલુકાના મેણ, ભડીયાદર, સનખડા, ગરાળ તેમજ ગીરગઢડા તાલુકાના નવા ઉગલા ગામે ભાજપ પ્રેરિત સરપંચઓ તેમજ સભ્યઓ વિજેતા થતા આજરોજ ઉના ધારાસભ્યના કાર્યાલય ખાતે ઉનાના માનનીય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ એ વિજેતા થયેલા નવનિયુક્ત મેણ ગામના સરપંચશ્રી અરજણભાઈ જશાભાઈ સરવૈયા, ભડીયાદર ગામના સરપંચ અલ્પેશભાઈ મોહનભાઈ ભીલવાળા, સનખડા ગામના સરપંચ રવિરાજસિંહ ઘનશ્યામસિંહ રાઠોડ, ગરાળ ગામના સરપંચ મનુભાઈ રામશીભાઈ સોલંકી, નવા ઉગલા ગામના સરપંચ સંગીતાબેન મયુરભાઈ સોજીત્રા વિજેતા થયેલા સરપંચઓ અને સદસ્યઓને ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ એ ફુલહાર પહેરાવી અને અભિનંદન પાઠવ્યા હતા.

# મુંજકાના પૂર્વ સરપંચની કારે બાઈક સવાર દંપતી-પુત્રને ઠોકરે લેતાં પત્નીનું મોત





### ચાર દિવસ પૂર્વે આર્ષ વિદ્યામંદિર પાસે સર્જાયેલો અકસ્માતઃ પોલીસે અકસ્માત સર્જનાર સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુંજકા ગામે આવેલ આર્ષ વિદ્યામંદિર પાસે ચાર દિવસ પૂર્વે એટલે કે ગત.તા.૨૧ના મુંજકા ગામના પૂર્વ સરપંચે બાઈક સવાર દંપતિ અને પુત્રને હડફેટે લેતાં ત્રણેયને ઈજા પહોંચતા તાકિદે પ્રથમ ખાનગી બાદ સિવિલ હોસ્પિ.માં સારવાર અર્થે ખસેડયા ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિ.માં ખસેડતા જયાં પરિણીતાએ ટુંકી સારવાર દરમ્યાન હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

મુંજકા ગામે રહેતા અને આલાપ ગ્રીન પાસે આવેલી માર્કેટમાં શાકભાજી વેચવાનું કામ કરતા ભરતભાઈ બ્રિજલભાઈ પરમાર ઉ.૩૯, તેના પત્નિ મનુબેન ભરતભાઈ પરમાર ઉ.૩૫ અને પુત્ર યુવરાજ ઉ.૧૦ ગત.તા.૨૧ના મુંજકા ગામથી વાડીએ જતા હતા ત્યારે મુંજકા ગામના પૂર્વે સરપંચ જે.ડી જાદવ એ પોતાની હેરીયર કાર નં જીજે ૦૩ એનપી ૯૬૫૧થી બાઈક સવાર ત્રણેયને હડફેટે લેતાં ગંભીર ઈજા પહોંચતા તાકિદે પ્રથમ ખાનગી હોસ્પિ.માં સારવાર અર્થે ખસેડતા ભરતભાઈને પગમાં પ્લાસ્ટિક સર્જરી કરાવી પડી હતી. તેમજ પુત્રને પગમાં ફેકચર થયું હતું. જયારે મનુબેનને માથામાં ઈજા પહોંચતા બેભાન હાલતમાં આઈસીયુમાં રખાયા હતા.ત્યાંથી સારવ-ાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિ.માં ખસેડયા હતા. બાદ વધુ સારવાર અર્થે પરિણીતાને અમદાવાદ સિવિલ હોસ્પિ.માં ખસેડાઈ હતી જયાં ટુંકી સારવાર દરમ્યાન પરિણીતાએ હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. પોલીસે અકસ્માત સર્જનાર મુંજકા ગામના પૂર્વ સરપંચ જે.ડી.જાદવ સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

### એસટીની રોજની મુસાફરી મોંઘી થશે

# પાસધારકોના ખિસ્સા પર ભારણ વધશે

### એસ ટી દ્વારા આ અંગેનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

એસ ટી વિભાગ દ્વારા મુસાફરોને મોટો ઝટકો આપવામાં આવ્યો હતો. રોજિંદા મુસાફરનો માસિક પાસ મોંઘો કરવામાં આવ્યો હતો. યોજનામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. અગાઉ ૧૫ દિવસનું ભાડું ચુકવી ૩૦ દિવસની મુસાફરી અને ૪૫ દિવસનું ભાડું ચુકવી ૯૦ દિવસ મુસાફરી કરી શકાતી હતી. પરંતુ હવે નવા ફેરફાર મુજબ ૩૦ દિવસ મુસાફરી માટે ૧૮ દિવસનું ભાડું અને ૬૦ દિવસની મુસાફરી માટે ૩૬ દિવસનું ભાડું વસુલ કરાશે. એસ ટી દ્વારા આ અંગેનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

પરિપત્ર મુજબ, નિગમની લોકલ, એકસપ્રેસ, ગુર્જરનગરી, લકઝરી, શહેરી સર્વિસમાં રોજીંદી મુસાફરી કરતા મુસાફરોને પ્રવર્તમાન બસ ભાડામાં રાહત આપી રાહતદરના માસિક / ત્રિમાસિક પાસ આપવાની સુવિધા સંદર્ભિત સામાન્ય સ્થાયી હુકમો તેમજ પરિપત્રોથી ૧૫ દિવસનું ભાડું વસુલ કરી, ૩૦ દિવસની મુસાફરી કરો તથા ૪૫ દિવસનું ભાડું વસુલ કરી, ૯૦ દિવસની મુસાફરી કરો. યોજના અંગેની સુચનાઓ અમલમાં છે. જે યોજના અમલ થયા બાદ તેની સમિક્ષા કરતા નિગમની બસોમાં હાલમાં વધી રહેલ લોડ ફેક્ટરને તેમજ સદર યોજના નિગમની સ્વયોજના હોઈ આ બાબતે વધતા જતા સંચાલકીય ખર્ચને ધ્યાને લઇ ચાલુ યોજનામાં મુસાફર જનતાનું હિત પણ જળવાઈ રહે તે અનુસાર યોજનામાં આંશિક સુધારો કરવા

નિગમના સંચાલક મંડળની તા.૦૬/૦૬/૨૦૨૫ ની બેઠકમાં થયેલ ઠરાવ નં.૧૦૧૫૦ થી થયેલ સુધારા મુજબ ૧૮ દિવસનું ભાડું વસુલ કરી, ૩૦ દિવસની મુસાફરી કરો તથા ૩૬ દિવસનું ભાડું વસુલ કરી, ૬૦ દિવસની મુસાફરી કરો યોજના અમલમાં મુકવા સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં એસ.ટી. મુસાફરી પાસ એ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા પૂરી પાડવામાં આવતી એક સુવિધા છે, જે નિયમિત મુસાફરોને રાહતદરે મુસાફરી કરવાની મંજૂરી આપે છે. આ પાસ વિદ્યાર્થીઓ, દૈનિક પ્રવાસીઓ, સિનિયર સિટિઝન્સ, અને અન્ય ચોક્કસ શ્રેણીના લોકો માટે ઉપલબ્ધ હોય છે.

# ઉનાના સૈયદ રાજપરા ગામે દરિયાઈ પ્રોટેક્શન દિવાલ પડતા મકાન ધરાશાય

### દરિયાઈ મોજાની થપાટ લાગતા પ્રોટેક્શન દિવાલ પડી , છ લોકોનો આબાદ બચાવ



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામે દરિયાઈ મોજાનુ રુદ્ર સ્વરૂપ જોવા મળ્યું જેને કારણે દર વખતે ચોમાસુ આવે અને દર વખતે આ સમસ્યાનું સામનો ત્યાં કાંઠા વિસ્તારમાં વસતા લોકોને કરવો પડે છે આ પ્રોટેક્શન દિવાલ જોવા અધિકારીઓ સ્થળ મુલાકાત લે છે પણ પરિસ્થિતિ જેમની તેમજ જોવા મળે છે સ્થાનિક સરપંચ દ્વારા મુખ્યમંત્રીથી લઈને અનેક અધિકારીઓને રજૂઆતો કરવા છતાં પરિસ્થિતિ જેમની તેમ જોવા મળે છે આ દિવાલ બનવાની વાત કરીએ ત્યારે તોકતે વાવાઝોડામાં આ દિવાલ બની હતી ત્યારબાદ આ દિવાલ બની નથી વાવાઝોડું વઈ ગયું તેને પણ ઝાઝો સમયથી વીતી ગયો પણ આ દિવાલનો પ્રશ્ન જેમને તેમ જોવા મળે છે નાના અને મધ્યમ લોકો કાંઠા વિસ્તારમાં વસતા હોય પોતાની આજીવિકા માછીમારી કરી અને ગુજરાત ચલાવતા હોય અને કાંઠા વિસ્તારમાં રહેતા હોય ત્યારે ચોમાસુ આવે છે ત્યારે પ્રોટેક્શન દિવાલ પડી જતી હોય ત્યારે આર્થિક નુકસાન પણ થતું હોય છે ત્યારે આજે દરિયાની થપાટ થી પ્રોટેક્શન દિવાલ પડતા છ લોકોનો આબાદ બચાવ થયો છે ત્યારે અને તેમની ઘરવખરી પણ પલળી ગઈ છે આર્થિક નુકસાન પણ થયું છે તંત્ર જાણે ઘોર નિંદ્રામાં હોય તેવું હાલ જોવા મળ્યું છે લોકોની માંગ છે આ પ્રોટેક્શન નવી દિવાલ બને અને જેથી અમે આર્થિક નુકસાન થી બચી શકીએ અને અમારા જીવ પણ બચી જાય એવી તંત્ર પાસે ત્યાંના વસતા કાંઠા વિસ્તારના લોકોની માંગ છે

# સોમનાથ ત્રિવેણી સંગમમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના અસ્થિનું વિસર્જન

### શારદા મઠ યજ્ઞ શાળામાં અસ્થિનું પુજન કરાયું

**મુખ્ય સમાચાર, પ્રભાસપાટણ**

સોમનાથ પવિત્ર ત્રિવેણી સંગમ નદીમાં આજે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને સ્વર્ગસ્થ વિજયભાઈ રૂપાણી ના અસ્થિ વિસર્જન પવિત્ર વેદ મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યા તાજેતરની અમદાવાદ વિમાન અકસ્માતમાં જેમનો દેહાંત થયો છે તેઓના અસ્થિ કળશ સાથે પરિવાર પવિત્ર ત્રિવેણી સંગમ એ આવી પહોંચ્યો હતો. ત્રિવેણી સંગમ સામે આવેલ શારદા મઠ યજ્ઞશાળા ખાતે તેના પરિવારે અસ્થિ પૂજન કર્યું હતું જે પ્રભાસ તીર્થના પંડિત વિક્રાંત પાઠકે કરાવ્યું હતું આ પૂજન સમયે રાજકોટના નીતિન ભારદ્વાજ ધનસુખ ભંડેરી વિજયભાઈ સમગ્ર પરિવાર ઉદયભાઈ



શાહ સહિત સોએ શ્રદ્ધાંજલિ અર્પી હતી ત્યારબાદ પવિત્ર ત્રિવેણી સંગમના જળમાં અસ્થિનું પવિત્ર વેદ મંત્રોચ્ચાર સાથે વિસર્જન કરવામાં આવેલ હતું ત્યારબાદ સોમનાથ ત્રિવેણી ઘાટે સોમપુરા બ્રાહ્મણ સમાજ તથા સોમનાથ ટ્રસ્ટ તરફથી શોક મંત્રોચ્ચાર કર્યા હતા અને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી તેવી જ રીતે સમગ્ર પરિવારે વિજયભાઈ રૂપાણીના આત્માના શાંતિ અર્થે સોમનાથ મંદિરમાં પૂજન

અર્ચન કર્યા હતા આ સમગ્ર શોકમય શ્રદ્ધાંજલિ માં સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા આગેવાનો સોમપુરા બ્રહ્મ સમાજ ના પ્રમુખ શ્રી હેમલભાઈ ભટ્ટ રાજશીભાઈ જોટવા અને જયદેવ જાની ખાસ ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અર્પી હતી

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક

શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ રાજકોટ જિલ્લો

# રાજકોટ જિલ્લામાં તા.૨૬થી ૨૮ જૂન ૨૦૨૫ દરમિયાન યોજાશે કન્યા કેળવણી મહોત્સવ

### જિલ્લાની ૮૬૭ શાળાઓમાં ૧૮ હજારથી વધુ બાળકોને બાલવાટિકા અને ધો.૧માં મહાનુભાવોના હસ્તે પ્રવેશ અપાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા તેમજ બાળકો ઉત્સાહભેર શાળા પ્રવેશ કરે તે માટે તા.૨૬ થી ૨૮ જૂન દરમિયાન રાજકોટ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવશે. પ્રવેશોત્સવ દરમિયાન મહાનુભાવોના હસ્તે રાજકોટ જિલ્લાના કુલ ૧૮,૫૧૭ ભૂલકાંઓનો શાળા પ્રવેશ કરાવવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત ૮૪૬ અને જેતપુર તથા ઉપલેટામાં નગર શિક્ષણ સમિતિ સંચાલિત ૨૧ પ્રાથમિક શાળા સહિત કુલ ૮૬૭ પ્રાથમિક શાળાઓ કાર્યરત છે.જેમાં હાલમાં ૫૪,૩૩૧ કુમાર તથા ૫૨,૩૩૭ કન્યા મળી કુલ ૧ લાખ ૬ હજાર ૬૬૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ વર્ષે શાળાઓમાં ધો.૧માં ૪,૯૭૬ વિદ્યાર્થીઓ તેમજ બાલવાટિકામાં ૧૩,૫૪૧ વિદ્યાર્થીઓ મળી કુલ ૧૮,૫૧૭ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ થશે. આ મહોત્સવ દ્વારા રાજકોટ ખાતે ૭૧ રૂટમાં ૮ આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ., ડી.એસ, જે. એસ. કક્ષાના તથા ૭૧ ક્લાસ વન અને ટુ ના અધિકારીઓ દ્વારા ભૂલકાંઓને શાળામાં પા-પા પગલી કરાવવામાં આવશે.

તાલુકા અનુસાર બાલવાટિકા વર્ગમાં ધોરાજી તાલુકાના ૭૩૯, ગોંડલ તાલુકાના ૧૧૮, જામકંડોરણાના ૪૮૦, જેતપુરના ૧૧૦૯, જસદણના ૧૬૬૯, કોટડાસાંગાણીના ૮૫૭, લોધિકાના ૬૩૨, પડધરીના ૬૩૭, રાજકોટના ૨૧૫૩, ઉપલેટાના ૧૦૭૧ અને વિંછીયા તાલુકાના ૧૧૨૮ એમ કુલ ૧૩૫૪૧ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧મા ધોરાજી તાલુકાના ૪૧, ગોંડલ તાલુકાના ૩૩૯, જામકંડોરણાના ૨૪, જેતપુરના ૩૪, જસદણના ૧૯૧૨, કોટડાસાંગાણીના ૪૬, લોધિકાના ૪૮, પડધરીના ૧૩, રાજકોટના ૨૪૬૫, ઉપલેટાના ૨૯ અને વિંછીયા તાલુકાના ૨૫ એમ કુલ ૪૯૭૬ વિદ્યાર્થીઓ શાળા પ્રવેશ કરશે. આ સાથે જિલ્લાના ધો. ૯ માધ્યમિક તેમજ ધો.૧૧ ઉચ્ચતર માધ્યમિકમાં પ્રવેશ કરતાં વિદ્યાર્થીઓને પણ ઉચ્ચ અભ્યાસ માટે શાળા પ્રવેશ કરાવવામાં આવશે.

# નારાયણનગરમાં રસોઈ બાબતે પુત્રથી પીડિત ૯૦ વર્ષના માતા-પિતાની વ્હારે આવી શી-ટીમ

### વૃધ્ધ દંપતિને પુત્ર છેલ્લા એક વર્ષથી હેરાન કરતો હતોઃ પુત્રનું કાઉન્સેલિંગ કરાતાં હવે બીજી વખત ભૂલ નહીં કરવાની ખાતરી પણ આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માતા-પિતા વૃદ્ધ થઈ જાય ત્યારે તેમને ખુશખુશાલ રાખવાની જવાબદારી પુત્રની જ હોય છે અને જો પુત્ર આ જવાબદારી નિભાવવામાં ઉણો ઉતરે તો તે પુત્ર કહેવાને લાયક રહેતો નથી. ખાસ કરીને જ્યારે માતા-પિતાની ઉંમર ૯૦ વર્ષ જેટલી થઈ જાય ત્યારે તો સંતાનોએ તેમની 'કાચના વાસણ'ની માફક માવજત રાખવી જરૂરી બની જાય છે ત્યારે આવા જ ૯૦ વર્ષીય વૃદ્ધ દંપતિને તેમનો એકનો એક પુત્ર રસોઈ જેવી સામાન્ય બાબતે હેરાન કરી રહ્યો હોય



મામલો પોલીસ સુધી પહોંચતાં મહિલા પોલીસની શી-ટીમ દ્વારા તાત્કાલિક દરમિયાનગીરી કરી પુત્રનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.

શહેરના નારાયણનગર શેરી નં.-૮માં રહેતાં વૃદ્ધ દંપતિને તેમનો પુત્ર કે જેને ત્યાં પણ સંતાન છે તે ૯૦ વર્ષીય માતા-પિતા સાથે બે રૂમના મકાનમાં રહેતો હતો. જો કે રસોઈ બાબતે તે માતા-પિતા સાથે છેલ્લા એક વર્ષથી ઝઘડો કરી રહ્યો હોય આખરે વૃદ્ધ દંપતિ તેનાથી કંટાળી ગયું હતું. રસોઈ ઉપરાંત અન્ય નાની-નાની બાબતે પણ તે માતા-પિતાને હેરાન કરી રહ્યો હોય આખરે દંપતિએ પોલીસનું શરણું લીધું હતું. આ પછી પીઆઈ એસ. એન. રાઠોડના માર્ગદર્શન હેઠળ મહિલા પોલીસ મથકની શી-ટીમના ઈન્ચાર્જ દક્ષાબેન, કોકિલાબેન તેમજ મહિલા પોલીસ મથકના પીબીએસસી સેન્ટરસના શિલ્પાબેન સહિતના દ્વારા નર્મદાબેન જાદવજીભાઈ રાઠોડ નામના દંપતિ પાસે પહોંચી તેમની વ્યથા સાંભળી હતી. પોલીસ દ્વારા નર્મદાબેનના પુત્રને તાત્કાલિક બોલાવવામાં આવ્યો હતો અને તેનું કાઉન્સેલિંગ કરવામાં આવતાં તેણે બીજી વખત આ પ્રકારે માતા-પિતાને હેરાન નહીં કરવાની ખાતરી આપતાં બન્ને પક્ષે સમાધાન કરાવ્યું હતું. આમ પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્રને શી-ટીમ દ્વારા સાર્થક કરવામાં આવ્યું હતું.

# શહેરમાં ૭ કલાકમાં દેશી દારૂની ૧૨ ભઠ્ઠી પર પોલીસ ના દરોડા

### પીસીબીની અલગ અલગ ટીમે વહેલી સવારે ૪ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીમા ઠેકઠેકાણે ભઠ્ઠી તેમજ દેશી દારૂ પકડી પાડતાં બૂટલેગરોમાં ફફડાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં દૂષણ બની ગયેલા દેશી દારૂના અડ્ડા તેમજ આખો દિવસ ધમધમતી દારૂની ભઠ્ઠીને તોડી પાડવા માટે પોલીસે કમર કસી લઈને એક સાથે તડાપીટ બોલાવવાનું શરૂ કરતાં બૂટલેગરોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. પ્રિવેન્શન ક્રાઈમ બ્રાન્ચ (પીસીબી) દ્વારા વહેલી સવારે ચાર વાગ્યાથી લઈ ૧૧ વાગ્યા સુધીની સાત કલાકમાં દેશી દારૂની એક સાથે ૧૨ ભઠ્ઠી તોડી પાડવામાં આવી હતી.

પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ. આર.ગોંડલિયા, એમ.જે.હુણ, પીએસઆઈ પી.બી.ત્રાજીયા સહિતની અલગ-અલગ ટીમે સવારથી જ શહેરના અલગ-અલગ વિસ્તારો કે જે દેશી દારૂના 'હોટસ્પોટ' તરીકે ઓળખાય છે ત્યાં ઘોંસ બોલાવી હતી. પોલીસે ગવરીદડ ગામમાં આઈઓસી પાછળ સીમ વિસ્તારમાં દરોડો પાડી રણજીત હકાભાઈ મકવાણા, કોઠારિયા કોલોની ક્વાર્ટર નં.૧૪માંથી કિશન પ્રવિણભાઈ પરમાર, ઢેબર કોલોની મફતિયાપરા કોમન પ્લોટની સામે પૂના નાનજીભાઈ વાઘેલા, વીરાજ ચોક સ્વાતીપાર્ક મેઈન રોડ પર હિમાબેન દેવાભાઈ માલાણી, આંબેડકરનગરમાં કપિલ હરેશભાઈ સોલંકી, એસ.ટી.વર્કશોપ પાછળ શેરી નં.૫માંથી કિશોર હીરાભાઈ વાણિયા, ૧૫૦ ફૂટ રિંગરોડ પર આંબેડકરનગર શેરી નં.૫માં હૈમંત વાઘજીભાઈ સોલંકી, ફોર્ચ્યુન હોટલ સામે સેલના પેટ્રોલપંપવાળી શેરીમાં રમેશ જગદીશભાઈ સોલંકી, કુબલિયાપરામાંથી સુમિત પરમાર, વિજય હળવદીયા, કોઠારિયા મેઈન રોડ પર પ્રવિણ પ્રાણલાલ મહેતા અને ઢેબર રોડ પર વિષ્ણુ સગરામભાઈ સાડમિયાને ૩૦૦ લીટરથી વધુ દારૂ તેમજ આથા સાથે પકડયા હતા.

# ગોંડલમાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીની કાર રોકી, મિત્ર પર ૩ શખ્સોનો હિચકારો હુમલો

### કાર આડે બાઇક ઉભું રાખી બોલાચાલી કરી હુમલો કર્યોઃ ત્રણ શખ્સો સામે ફરીયાદ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ માં ટ્રાન્સપોર્ટના ધંધાર્થીની કાર આડે બાઈક ઉભું રાખી બોલાચાલી કરી ત્રણ શખસોએ ટ્રાન્સપોર્ટના ધંધાર્થીના મિત્રને ઢીકાપાટુનો માર માર્યો હતો. બાદમાં છરી વડે હુમલો કરવાની કોશિશ પણ કરી હતી. આ અંગે ગોંડલ બી ડિવિઝનમાં ત્રણ શખસો વિરૂધ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

ગોંડલના કોટડાસાંગાણી રોડ પર આવેલ રઘુવીર સોસાયટીમાં રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થી વીજેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ જાડેજા(ઉ.વ ૪૦) એ ગોંડલ બી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રેહાન ઈદ્રીશ શાહમદાર, રફીક ઉર્ફે મુન્નો હાસમ ચાણકીયા અને અનીશ શબ્બીર ચાણકીયાનું નામ આપ્યું છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૨૪/૦૬/૨૦૨૫ ના રાતના આશરે સાડા અગિયાર વાગ્યે તે તથા તેનો મીત્ર જગદીશભાઈ નીલેશભાઈ કોટડીયા ક્રેટા ગાડી લઇ ઉદ્યોગનગરથી ઘરે જવા નિકળ્યા હતાં. દરમિયાન ક્રીષ્ના હોસ્પીટલ સામે પહોંચતા એક એકટીવા ચાલક ડબલ સવારીમા આવી પોતાનું એકટીવા ગાડી આડે રાખી દીધુ હતું. બાદમાં ચાલક કહેવા લાગ્યો હતો કે, તારે આ રીતે ગાડી ચલાવવાની છે, મારા છોકરાને મારી નાખવો છે કહી યુવાન સાથે માથાકુટ કરવા લાગ્યો હતો. જેથી યુવાને તેને મારી કાંઈ ભુલ થઈ હોય તો હું માફી માંગુ છુ તેમ કહ્યું હતું. દરમિયાન ગાડીમાં બેઠેલા યુવાનના મિત્ર જગદીશભાઈ સાથે પણ માથાકુટ કરવા લાગ્યો હતો. જગદીશભાઈને

ગાળો દેવા લાગેલ જેથી જગદીશભાઈ ગાડીમાથી નીચે ઉતરતા ઝપાઝપી કરવા લાગ્યો હતો. આ સમયે અન્ય બે અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતા. જે પૈકી એક શખસે છરી કાઢેલ અને જગદીશભાઈને મારવા દોડેલ હતો. જયારે એક્ટિવા ચાલક અને બીજા બે અજાણ્યા શખસ જગદીશભાઈને ઢીકાપાટુનો માર મારતા હતાં. અહીં લોકો એકત્ર થઈ ગયા હતાં. જેમાંથી જગાભાઈ ભરવાડે વચ્ચે પડી જગદીશભાઇને છોડાવ્યો હતો. યુવવાના બાદમાં માલુમ પડયું હતુ કે, જગદીશભાઈને માર મારનાર રેહાન ઇદ્રીસ શાહમદાર, રફીક ઉર્ફે મુન્નો હાસમભાઈ ચાણકીયા તથા જેના હાથમા છરી હતી તે અનીશ શબ્બીરભાઇ ચાણકીયા હતો. જેથી આ ફરિયાદ નોંધાવી હતી.

# ગુમશુદાની ભાળ આપવા અંગે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ ઉત્તરપ્રદેશના વતની હાલ રાજકોટ શહેરમાં જંગલેશ્વર વિસ્તારમાં રહેતા શાહરૂખઅલી પીંજારાનો માસીનો ૧૪ વર્ષીય દીકરો અરબાઝઅલી નીજામભાઇ પીંજારા ગત તા. ૦૩ મે, ૨૦૨૫ના રોજ બપોરના એકાદ વાગ્યાની આસપાસ કોઈને કહ્યા વગર પોતાની મેળે કોઇ જગ્યાએ કોઇ કારણથી જતો રહ્યો હોય અથવા કોઇ અજાણી વ્યક્તિ કોઈ લાલચ આપી કે કોઇ અન્ય ઈરાદે પોતાની સાથે લઇ ગઈ હોય શકે છે. આજુબાજુના વિસ્તારમાં તપાસ કરતા અરબાઝઅલી મળી આવ્યો નથી. ગુમશુદા પાતળા બાંધાનો અને ઘઉં વર્ણો છે, આછા પીળા રંગનું અડધી બાયનું ટી-શર્ટ તથા જીન્સનું આછા વાદળી રંગનું પેન્ટ પહેર્યું છે, તેની ઉંચાઈ આશરે ૪ ફુટ છે. જો કોઈને ગુમશુદા વિશે જાણકારી હોય તો રાજકોટ શહેર ભક્તિનગર પોલીસ મથક ખાતે સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# સગીરાની ભાળ આપવા અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના નવાગામ મામાવાડી મફતીયાપરા, જોગણી માતાના મંદિર પાસે, ગ્રીનલેન્ડ ચોકડી પાસેની રહેવાસી સગીરા તા.૧૮/૦૬/૨૦૨૫ના સવારના આશરે નવ વાગ્યા દરમ્યાનમાં કોઈને કહ્યા વગર જતી રહી છે અથવા અજાણ્યા ઈસમ દ્વારા તેનું અપહરણ કરવામાં આવેલ છે. સગીરાની ભાળ મળી આવે તો ભક્તિનગર પોલીસ સ્ટેશનને જાણ કરવા યાદી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# મોરબીના મકનસર ગામે યુવકને કુટુંબી ભાઈ-ભાભી, ભત્રીજાઓએ માર માર્યો

### પત્નીની ખોટી ચડામણી નહિ કરવાનું કહેતા યુવક અને તેની માતા ઉપર હુમલો, બે મહિલા સહિત પાંચ વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના મકનસર ગામે પત્નીની ખોટી ચડામણી કરતા તે રિસામણે ચાલી ગયી હોવાના આક્ષેપ કરતા યુવકને અને તેની માતાને તેના કુટુંબી ભાઈ- ભાભી સહિતના પાંચ લોકોએ લાકડી તથા ઢીકાપાટુ વડે માર મારવામાં આવ્યો છે.

આ અંગેની વિગતો મુજબ, મોરબી તાલુકાના મકનસર ગામે રહેતા હિતેશભાઈ બાબુભાઇ દેગામા ઉવ.૩૫ એ તાલુકા પોલીસ મથકમાં આરોપી જગદીશભાઈ ધીરુભાઈ દેગામા, રઘુભાઈ જગદીશભાઈ દેગામા, આકાશભાઈ જગદીશભાઈ દેગામા, ભાવનાબેન જગદીશભાઈ દેગામા તથા લીલાબેન ધીરુભાઈ દેગામા તમામ રહે. મકનસર તા.મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૧૫/૦૬ ના રોજ આ ફરીયાદીએ તેમના કુટુંબી ભાભી આરોપી ભાવનાબેનને પોતાની પત્નીને ચડામણી નહી કરવાની વાત કરતા તેને સારૂ નહીં લાગતા ફરિયાદીના કુટુંબી ભત્રીજાઓ આરોપી રઘુભાઈ તથા આકાશભાઈએ ફરીયાદી હિતેશભાઈને લાકડી વડે માર મારતા પગમા ફ્રેકચર જેવી ઈજા કરી તેમજ આરોપી જગદીશભાઈએ પણ લાકડી વડે શરીરે મુંઢ ઈજાઓ તેમજ હિતેશભાઈના માતા મધુબેનને માથામાં લાકડી ફટકારી ઈજા કરી હતી. આ દરમિયાન આરોપી બગાવનાબેન અને લીલાબેને ફરીયાદીને ઢીક્કાપાટુનો મારમારી મુંઢ ઈજાઓ કરી તમામ આરોપીઓએ ગુન્હામા એકબીજા સાથે મદદગારી કરી હતી, હાલ તાલુકા પોલીસે તમામ પાંચેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસની અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘને આંગણે સોમવારે સંતોના પધરામણી

### સંતોના ચાતુર્માસ મંગલ પ્રવેશ નિમિત્તે કલાવંતીબેન ભૂપતલાલ માઉં પરિવારને આંગણે અનેરો ઉત્સવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તા.૩૦ જૂનને સોમવારના શહેરના રોયલ પાર્ક સ્થાનવાસી જૈન મોટા સંઘને પ્રાંગણે ચાતુર્માસ નિમિત્તે ગોંડલ સંઘાણી સંપ્રદાયના પૂ.બા.બ્ર.નરેન્દ્રમુની મ.સા., પ.પૂ.પંથકમુની મ.સા.ના આજ્ઞાનુવર્તી સાધક બેલડી બા.બ્ર.જયાબાઇ મહા., વિજયાબાઇ મહા.ના શુશિષ્યાઓ શ્રુતનિધિ, પૂ.બા.બ્ર.સાધનાબાઇ મહા. આદિ થાણા ૬ સંતોનો મંગલ પ્રવેશ થશે. સંતોના ચાતુર્માસના મંગલ પ્રવેશ



નિમિત્તે કલાવંતીબેન ભૂપતલાલ માઉં પરિવારને આંગણે અનેરો ઉત્સાહ છવાયો છે. સંતોના ચાતુર્માસને પ્રસ્થાન તા.૩૦ના સોમવારના સવારે ૯ કલાકે માઉં પરિવારના નિવાસ સ્થાન હાર્મની હોમ્સ, ૮ શારદાનગર સોસાયટી, સિંહાર સ્કૂલવાળી શેરી, યુર્નિ.રોડ ખાતેથી થશે. આ શુભ પ્રસંગે જૈન જૈનેતરોને પધારવા શૈલેષભાઇ માઉંએ આમંત્રણ પાઠવ્યું છે.

# રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે પદ ગ્રહણ કરતા ડો. રાજદીપસિંહ જાડેજા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં યુવા આગેવાન અને સંઘર્ષિલ આક્રમક નેતાની રાજકોટની જનતા દ્વારા કોંગ્રેસના સુકાની માટે આંતરિક સર્વેની અંદર શહેરમાં ડો. રાજદીપસિંહ જાડેજા ની નિયુક્તિ કરવામાં આવી છે.

રાજદીપસિંહ ની નિમણૂક ના પગલે સમગ્ર ગુજરાતના યુવાનો અને શહેરમાં શ્રી શુભેચ્છા વર્ષા થઈ રહી છે. આજરોજ રાજકોટ શહેર કોંગ્રેસ અમુક તરીકે વિધિવત રીતે પૂર્વ પ્રમુખ અતુલ રાજાણી પાસેથી શહેર કોંગ્રેસ પ્રમુખ નો ચાર્જ લેતા પહેલા સવારે આઠ વાગે પ્રથમ નોરતું હોવાને પગલે પેલેસ રોડ ખાતે માં આશાપુરા ના સુભાષિશ લઈ હાટકેશ્વર મહાદેવ મંદિરમાં પૂજા અર્ચના કરી રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે સવારે ૧૦૦૦ કલાકે સાંઈબાબા મંદિર આરતી કરી સવારે ૧૧૦૦ કલાકે બહુમાળી ભવન ખાતેના ચોકમાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ કરી શહેર કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો બહોળી સંખ્યામાં શુભેચ્છા સ્વાગત માટે ઉમટી પડ્યા હતા. આજથી ચાર્જ સંભાળતાની સાથે કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહ નિયમિત સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૬ રાજકોટ શહેરની જનતા અને કોંગ્રેસના કાર્યકરોને રૂબરૂ મળશે.

# લોકમેળા-૨૦૨૫ માટે ફોર્મ વિતરણ તથા સ્વીકાર માટેની મુદતમાં વધારો ૧૧ જુલાઈ સુધી ફોર્મ ભરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકમેળા સમિતિ દ્વારા રાજકોટ શહેરમાં રેસકોર્સ મેદાન ખાતે તા.૧૪/૦૮/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ દરમિયાન લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોકમેળામાં લોકોના મનોરંજન અર્થે વિવિધ પ્રકારની આકર્ષણ ધરાવતી પ્રવૃત્તિઓ તેમજ અન્ય એક્ટિવિટીઝનો સમાવેશ કરવા માટે તથા લોકસહભાગીતા વધારવા ફોર્મ વિતરણ તથા સ્વીકારવા માટે મુદતનો વધારો કરવામાં આવ્યો છે.

આ માટે નાયબ કલેકટર કચેરી,રાજકોટ શહેર-૧, જૂની કલેકટર કચેરી, રાજકોટ ખાતેથી તા. ૨૬/૦૬/૨૦૨૫ થી તા. ૧૦/૦૭/૨૦૨૫ સુધી (જાહેર રજા સિવાય)ફોર્મનું વિતરણ તથા તા.૧૧/૦૭/૨૦૨૫ સુધી ભરેલા ફોર્મ પરત સ્વીકારવામાં આવશે.જેમાં તમામ કેટેગરીના અરજદારો ફોર્મ ભરી શકશે જેની સૌને નોંધ લેવા અધ્યક્ષ લોકમેળા અમલીકરણ સમિતિ અને નાયક કલેક્ટરશ્રી રાજકોટ શહેર-૧ની યાદીમાં જણાવાયું છે.

# આર.ટી.ઓ. દ્વારા મોટર વાહનોની નવી જી.જે.૦૩ પી.જે. સિરીઝનું ઈ-ઓકશન કરાશે

### ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા ઈચ્છુક વાહનધારકોએ પાસે અરજીઓ કરવાની રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી-રાજકોટ દ્વારા મોટર વાહનો માટેની જી.જે. ૦૩ પી.જે. સિરીઝની ઈ-ઓક્શનની પ્રક્રિયા બીજી જુલાઈથી શરૂ કરવામાં આવશે.

આર.ટી.ઓ.ની યાદીમાં જણાવાયું છે કે, આ સિરીઝ તેમજ અગાઉની સિરીઝના બાકી રહેતા ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા ઈચ્છુક વાહનચાલકોએ તેમના વાહનોનું parivahan.gov.in/fancy પર ઓનઆઈન રજિસ્ટ્રેશન કરીને ઈ-ઓક્શનમાં ભાગ લઈ શકશે. આ માટે બીજી જુલાઈએ સાંજે ચાર કલાકથી ૧૪ જુલાઈ સાંજે ચાર કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. તા.૧૪મી જુલાઈએ સાંજે ૪.૦૧ કલાકથી ૧૬ જુલાઈના સાંજે ચાર કલાક સુધીમાં ઓનલાઈન ઓક્શન બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, તા.૧૬ જુલાઈના રોજ સાંજે ૪.૧૫ કલાકે ઓનલાઈન પરિણામ જાહેર કરવામાં આવશે.

વાહન વેચાણ તારીખથી સાત દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલું હોવું ફરજિયાત છે. સમયમર્યાદા બહારની અરજી ધ્યાને લેવાશે નહીં તેમ યાદીમાં જણાવાયું છે.

# "મનસુખભાઈ છાપીયા"ટાઉનશીપમાં રાજકોટ મનપા દ્વારા તૈયાર કરાયેલ "રંજનબેન રાવલ કોમ્યુનિટી હોલ"નાં ભાડા તથા ડિપોઝિટના દરો નિર્ધારિત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે,પુનિતનગર,પાણીના ટાંકા સામેનો રોડ,શ્યામલ વાટીકા પાસે ટી.પી. ૧૫(વાવડી)ના વોર્ડ નં. ૧૨માં આવેલ"શ્રી મનસુખભાઇ છાપીયા"ટાઉનશીપમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલ"શ્રી રંજનબેન રાવલ કોમ્યુનિટી હોલ"નાં ભાડા તથા ડિપોઝિટનાં દરો નિર્ધારિત કરાયા છે. આ કોમ્યુનિટી હોલ તારીખ ૨૩/૦૬/૨૦૨૫ થી જાહેર જનતા માટે ઓનલાઇન બુકીંગ માટે ખુલ્લો મુકવામાં આવે છે.

હવે કોઇપણ નાગરિક રાજકોટ મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઇટ rmc.gov.in અથવા ઓનલાઇનપોર્ટલ (રાજકોટ મહાનગરપાલિકાની એપ્લિકેશન) મારફતે આ કોમ્યુનિટી હોલને આગોતરા બુક કરી શકશે.

અગત્યની માહિતી માટે અને બુકીંગ કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ પર વિગતવાર માર્ગદર્શિકા ઉપલબ્ધ છે. તમામ નાગરીકોને વિનંતી છે કે તેમને જરૂરી કાર્યક્રમો માટે સમયસર ઓનલાઇન બુકીંગ કરી લાભ મેળવે.

# તાજિયાના ઝુલુસમાં મ્યુઝિક વગાડવા માટે પોલીસની મંજૂરી લેવી ફરજિયાત

### નવ ફૂટથી ઉંચા તાજિયા બનાવવાની મનાઈઃ રાત્રે ૧૦ વાગ્યે મ્યુઝિક બંધ કરવું પડશેઃ પોલીસ કમિશનરનું જાહેરનામું, પોલીસે જે રૂટ પર તાજિયા ફેરવવાની મંજૂરી આપી હોય ત્યાં જ ફેરવવાના રહેશેઃ રૂટ પર સ્ટોલ મુકાયા હોય ત્યાં કચરા પેટી રાખવાની જવાબદારી આયોજકોની રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી પાંચ અથવા છ જૂલાઈએ પવિત્ર મહોરમ માસ નિમિત્તે શહેરમાં તાજીયાનું ઝુલુસ નીકળવાનું છે તેને અંતર્ગત પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જેમાં જણાવ્યા પ્રમાણે ઝુલુસમાં મ્યુઝિક વગાડવા માટે પોલીસની અલગથી મંજૂરી લેવા તેમજ રાત્રે ૧૦ વાગ્યે મ્યુઝિક બંધ કરવા સહિતના નિયમ અમલી બનાવવામાં આવ્યા છે અને આ નિયમનો ભંગ કરનાર સામે ગુનો નોંધવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે ઝુલુસમાં સામેલ થનારા દરેક તાજિયાની ઉંચાઈ નવ ફૂટથી વધારે નહીં રાખી શકાય. આ ઉપરાંત નિયત કરાયેલા સ્થળ સિવાય અન્ય સ્થળે તાજિયા મુકી શકાશે નહીં. આ જ રીતે જે જગ્યાએ તાજીયા બનાવવાની કામગીરી કરવામાં આવે છે તે જગ્યાની આજુબાજુ તેમજ નજીકમાં કોઈ પણ પ્રકારની ગંદકી કરવા કે તાજીયાને રોડ ઉપર ટ્રાફિકને અડચણરૂપ થાય તે પ્રકારે રાખી શકાશે નહીં. ખાસ કરીને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન અને ગુજરાત પ્રદૂષણ કંટ્રોલ બોર્ડના નિયમ પ્રમાણે રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ હોય તેનું પાલન ઝુલુસ દરમિયાન પણ કરવું પડશે.આ ઉપરાંત અરજદારે મ્યુઝિક વગાડવા માટે જે-તે વિસ્તારના પોલીસ મથકમાંથી અલગથી મંજૂરી લેવી પડશે, પોલીસ સ્ટેશન દ્વારા તાજીયા અંગેની મંજૂરી આપવામાં આવે તે રૂટ ઉપર જ સમયમર્યાદામાં તાજિયાનું ઝુલુસ પૂર્ણ કરવાનું રહેશે. તાજીયા કમિટી દ્વારા જાહેર રસ્તા ઉપર કે પબ્લીક સ્ટોલ લગાવવામાં આવે છે ત્યાં કચરા પેટી રાખવાની તેમજ સફાઈ કરવાની જવાબદારી તાજીયા કમિટીના આયોજકોની રહેશે.

# સૌરાષ્ટ્ર યુનિ.ના ભવનોની હાલત જર્જરિતઃ CYSSએ કર્યો હલ્લાબોલ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત આવતા વિવિધ ભવનોમાં ચોમાસાના પ્રારંભે જ મોટા પ્રમાણમાં ભવનની છત - દિવાલોમાં ભેજ આવવો અને પાણી પડવું અને છતમાંથી પોપડા ખરી રહ્યા છે, ત્યારે તેનાથી વિદ્યાર્થીઓ -અધ્યાપકો પર જોખમ સર્જાયું છે. ત્યારે સીવાયએસએસ દ્વારા યુનિ. ખાતે કુલપતિને ભવનોની હાલત સુધારવાની ગંભીરતા સમજાવવા રેતી - સિમેન્ટ આપી હલ્લાબોલ કરાયો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્થિત વિવિધ ભવનોમાં વરસાદે આફત સર્જી છે. સામાન્ય વરસાદમાં છતમાંથી પાણી પડવાની સાથે જર્જરીત બાંધકામની પોલ પણ ખુલી ગઈ છે. જેમાં બાયોસાયન્સ ભવનમાં છતમાંથી લોખંડના સળિયા દેખાવાની સાથે ભારે ભેજ તેમજ જીવતા વીજ વાયરે જોખમ સર્જાતા ૨ માળના બિલ્ડીંગના ઉપરના માળે ભણતા વિદ્યાર્થીઓને અન્ય સેન્ટરમાં શિફ્ટ કરવા પડ્યા છે. જ્યારે મનોવિજ્ઞાન ભવનમાં લેબોરેટરી, લાઇબ્રેરી અને ૨ વર્ગખંડમા વરસાદી પાણી ટપકતા મુશ્કેલી સર્જાઈ છે. આ સાથે જ ઈલેક્ટ્રોનિક્સ, ઈતિહાસ, અર્થશાસ્ત્ર, કેમેસ્ટ્રી, ફિઝિક્સ, કાયદા, હોમ સાયન્સ, લાઇબ્રેરી સાયન્સ અને હિન્દી ભવનમાં ચોમાસામાં છતમાંથી પાણી ટપકવાને કારણે વિદ્યાર્થીઓને અભ્યાસમાં મુશ્કેલી પડી રહી છે, જેનું મૂળ કારણ એ છે કે યુનિવર્સિટીના તમામ ભવનોની અગાસી ઉપર ડામર પાથરવામાં આવ્યો છે અને તે પણ ખૂબ જ હલકી કક્ષાનો છે. આ તમામ અગાસીઓ ઉપર ચોમાસા દરમિયાન પાણી ભરાવાને કારણે તે તમામ ભવનોમાં નીચે ઉતરે છે અને તેથી અધ્યાપકો અને વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી પડે છે. આ ઉપરાંત યુનિવર્સિટી કેમ્પસમાં રાત્રે ઘણી લાઇટો બંધ હાલતમાં છે અને યુનિવર્સિટીના કોમન ટોયલેટ ખૂબ ગંદા જોવા મળે છે. તેથી છાત્ર યુવા સંઘર્ષ સમિતિ પ્રદેશ ઉપપ્રમુખ સુરજ બગડા, મંત્રી કેયુર દેસાઇ, રાજકોટ પ્રમુખ પ્રણવ ગઢવી અને ટીમ દ્વારા માંગ કરવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટની નામાંકીત હોસ્પિટલના તબીબે આચર્યુ મેડીકલેઇમ કૌભાંડ

**આરોપીએ બ્રેઈન ટ્યુમરના સિવિલ હોસ્પિટલમાં આવેલ સહયોગ ઈમેજિંગ સેન્ટરના ખોટા રિપોર્ટ મેળવી રૈયા ચોકડી પાસે આવેલ રાધે હોસ્પિટલના ડો. વિપુલ બોડાએ સારવાર પણ કરી આપી, વિમા કંપનીમાં ખોટા રિપોર્ટ રજૂ કરી છેતરપીંડી આચરી**




### ફિઝિયોથેરાપીસ્ટ ડો.અંકિત કાથરાણી ભારે ગઠિયો નીકળ્યો, પોતાના નામે પણ રૂ. ૨૨.૪૯ લાખ પાસ કરાવી લીધાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સમર્પણ હોસ્પિટલના ખોટા રિપોર્ટ રજૂ કરી રૂ.૪૦ લાખનો મેડિકલેમ પાસ કરાવી લીધાનો બનાવ સામે આવતાં મુખ્ય સૂત્રધાર ફિઝિયોથેરાપીસ્ટ ડો.અંકિત કાથરાણી સહિતના શખ્સો સામે ગુનો નોંધાયો હતો અને તેની ધરપકડ પણ હતી ત્યારે વધું એક મેડિકલેમ પાસ કરાવવાનું કૌભાંડ સામે આવ્યું છે.

જેમાં ફિઝિયોથેરાપીસ્ટ ડો.અંકિત કાથરાણીએ પોતે જ બીમાર હોવાનું બતાવી વિમા કંપની પાસેથી રૂ.૨૨.૪૯ લાખનો મેડિકલેમ પાસ કરાવી લેતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં તેની સામે વધું એક ગુનો નોંધાયો છે.

આ અંગેની મહિતી મુજબ, તેલંગણાં રહેતાં ડો.શ્રીનીવાસ જનારામુ નરશૈયા (ઉ.વ.૪૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ડો.અંકીત હિતેષ કાથરાણી (રહે. માધાપર ચોકડી પાસે, રાજકોટ) અને તેની સાથેના અન્ય શખ્સોના નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે આઈપીસી ૪૨૦, ૪૬૫, ૪૬૭,૪૬૮ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ એચડીએફસી જેન્ટલ ઈન્સ્યોરન્સમાં આસીસ્ટન્ટ વાઈસ પ્રેસીડન્ટ તરીકે બે વર્ષથી નોકરી કરે છે. કંપનીની ઓફીસ અમદાવાદમાં શ્રીધર એથેન્સ બ્લોક ૧૨૦૧ થી ૧૨૦૬, ૧૨ ફ્લોર નહેરૂનગરમાં આવેલ છે. કંપની દ્વારા મેડીક્લેમ સ્થળ પરીક્ષણ માટે ફીનીકસ કલેઈમ સોલ્યુસનને વીમા ક્લેઈમની ચકાસણીનો કોન્ટ્રાક્ટ મળેલ છે.

તેઓની વિમા કંપનીમાં રાજકોટના ડો. અંકીત કાથરાણીએ તા.૨૯-૦૪-૨૦૨૨ ના પોતાના નામે પોલીસી લીધેલ હતી. જેમાં મોટી તમામ ગંભીર બીમારીઓ કવર થાય છે. જયારે પણ વીમા ધારક પોતાની બીમારી અંગેનુ મેડીકલેમ મંજુર થવા કંપનીમાં ઓનલાઈન મેડીકલ ફાઈલ સબમીટ કરે ત્યારે તે અંગેની જરૂરી ખરાઇ કરવા સારૂ ટી.પી.એ. (થર્ડ પાર્ટી ઓડીટ એજન્સી) દ્વારા જરૂરી ચકાસણી કરવામાં આવે છે. તેમજ કંપની દ્વારા ફીનીકસ કંપનીને થર્ડ પાર્ટી એજન્સી તરીકે છેલ્લા પાંચેક વર્ષ થી કરાર કરેલ છે.

એપ્રીલ ૨૦૨૫ માં જાણ થયેલ કે, ડો. અંકીત કાથરાણીએ તેના અન્ય મિત્રો સાથે મળી આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડમાં ખોટો મેડીકલેઇમ મંજુર કરાવાની કોશીષ કરતા તેમના ઉપર તથા અન્ય સહ કર્મચારીઓ ઉપર પોલીસ કેસ થયેલ છે. જે જાણવા મળતા કંપનીમાં ડો. અંકીત કાથરાણીએ પોતાના નામની પોલીસી બાબતે તપાસ કરતા માલુમ પડેલ કે, આ પોલીસી ધારક ડો.અંકિત કાથરાણીએ પોતાની લીધેલ પોલીસીમાં વિમા કંપનીમાં ગઇ તા.૩૧/૦૮/૨૦૨૨ ના પોતાની ગંભીર બીમારી સંદર્ભે રીપોર્ટ સબમીટ કરેલ અને તેમાં રાજકોટ પી.ડી.યુ. હોસ્પીટલ ખાતે આવેલ સહયોગ ઈમેજીંગ સેન્ટરનો તા.૨૫/૦૮/૨૦૨૨ નો બ્રેઇન એમઆરઆઈ રીપોર્ટ પણ અપલોડ કરેલ હતો.

વિમા કંપનીની ટી.પી.એ. (થર્ડ પાર્ટી એજન્સી) દ્વારા તપાસ કર્યા બાદ કંપની દ્વારા આ વિમા ધારક અંકિત કાથરાણીને તા.૨૧/૦૯/૨૦૨૨ ના સેટલમેન્ટ લેટર તથા તેઓની એચડીએફસી બેંકમાં હોમલોન ચાલુ હોય જે હોમ લોનની રકમના રૂ.૨૧,૭૪,૦૮૭ એચડીએફસી ઈએરગો કંપની દ્વારા બેંકને અંકિત કાથરાનીની હોમ લોન એકાઉન્ટ દ્વારા બેંક થી બેંક દ્વાર ટ્રાન્સફર કરવામાં આવેલ અને બાકીની રકમ રૂ.૭૫,૫૦૦ અંકિત કાથરાણીના બેંક એકાઉન્ટ દ્વારા જમા કરાવવામાં આવેલ હતાં. આમ કુલ રૂ.૨૨,૪૯,૫૮૭ નો મેડીકલેઇમ અંકિત કાથરાણીને ચુકવવામાં આવેલ હતો.

જે બાબતે શંકા જતા ફીનીકસ કંપનીના કર્મચારી મારફતે રાજકોટ પી.ડી.યુ. હોસ્પીટલ ખાતે આવેલ સહયોગ ઈમેજીંગ સેન્ટર ખાતે તપાસ કરાવતા તા.૨૫/૦૮/૨૦૨૨ ના રોજ અંકિત કાથરાણીનો એમ.આર.આઇ. રીપોર્ટ થયેલ ન હોવાનું સહયોગ ઈમીજીગ સેન્ટરના હેડ નીલીમાબેન ગર્ગ દ્વારા જણાવવામાં આવેલ હતું.

તે બાબતે તેઓએ તા.૨૯/૦૪/૨૦૨૫ ના રોજ સહયોગ ઈમીજીગ સેન્ટરના લેટર પેઈડ ઉપર લખી આપેલ કે, દર્દી અંકિત કાથરાણીના નામનો તા.૨૫/૦૮/૨૦૨૨ ના કોઇ એમ.આર.આઈ રીપોર્ટ થયેલ નથી.

જેથી સામે આવેલ કે, અંકિત કાથરાણીએ વર્ષ ૨૦૨૨ માં વિમા પોલિસી લીધા બાદ રૈયા ચોકડી પાસે આવેલ રાધે હોસ્પીટલના ડો.વીપુલ ડી.બોડાના નામની ખોટા બનાવટી મેડીકલ કાગળો તથા ખોટા એમઆરઆઈ રિપોર્ટ રજુ કરી જેનો સાચા તરીકે ઉપયોગ કરી વિમા કંપની પાસેથી કુલ રૂ.૨૨,૪૯,૫૮૭ નો ઈન્સ્યોરન્સ ક્લેમ છેતરપીંડીથી મંજુર કરાવી લઈ રૂપિયા પડાવી લીધાં હતા.

## બાપુનગરમાં ફાઉન્ડ્રીના ઈલેક્ટ્રિક કનેકશન રી-સ્ટોર કરવા સિવિલ કોર્ટનો હુકમ

### કબજા વોરંટની અમલવારી પર બીજા આદેશ સુધી રોક લગાવતાં ૧૫૦થી વધુ ફાઉન્ડ્રી માલિકોને રાહત


અર્જુન પટેલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૮૦ ફૂટ રોડ બાપુનગર વિસ્તારમાં આવેલી કેટલીક ફાઉન્ડ્રીના વીજ કનેક્શન કાપવા મામલે સિવિલ કોર્ટે મહત્વનો ચુકાદો આપી કનેકશન ફરી રીસ્ટોર કરવા તેમજ કબજા વોરંટની અમલવારી પર બીજા આદેશ સુધી રોક લગાવતાં ફાઉન્ડ્રી માલિકોને રાહત થવા પામી છે.

આ કેસની હકિકત મુજબ, બાપુનગર વિસ્તારમાં આવેલી રેવન્યુ સર્વે નં. ૨૬૬ની જમીન પટેલ બાવા કેશાની માલિકીની છે. આ જમીન પર જયેશભાઈ પરસોતમભાઈ પટેલ અને મહેશભાઈ પરસોતમભાઈ પટેલની યુનાઈટેડ ફાઉન્ડ્રી સહિત ૭૦૦ ચો.વારના વિસ્તારમાં અનેક ફાઉન્ડ્રીઓ કાર્યરત છે. સ્વ. પટેલ બાવાભાઈ કેશાભાઈના વારસો, મનહરભાઈ બાવાભાઈ ટીલાળા વિગેરેએ ૨૦૧૦માં રાજકોટ સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરીને આ જમીન પર કોઈ બાંધકામ કે કબજો ન લેવા કાયમી મનાઈ હુકમની માગણી કરી હતી. તા.૦૭/૦૩/૨૦૨૫ના સિવિલ જજે આ દાવો મંજૂર કરી, ૭૦૦ ચો.વારની જમીન પર વાદીઓના કબજામાં અવરોધ ન કરવા, મિલકત ટ્રાન્સફર કે બાંધકામ ન કરવા અને જગ્યાનો ઉપયોગ રોકવા નહીં તેવો કાયમી મનાઈ હુકમ કર્યો હતો.

આ હુકમની અમલવારી માટે બાવાભાઈ કેશાભાઈના વારસોએ સિવિલ કોર્ટમાં દરખાસ્ત દાખલ કરી. કોર્ટે જયેશભાઈ અને મહેશભાઈ પટેલ સામે ખાલી કબજો મેળવવાનું વોરંટ ઈસ્યુ કર્યું. તા.૨૩/૦૬ ના રોજ કોર્ટના બેલિફ પોલીસ બંદોબસ્ત સાથે સ્થળ પર ગયા અને ના અધિકારીઓને ઈલેક્ટ્રિક કનેક્શન કાપવાની સૂચના આપી. પરિણામે, ૧૫૦થી વધુ ફાઉન્ડ્રી માલિકોના ઈલેક્ટ્રિક કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા.

અને પોલીસે પોલીસે ધમકી આપી કે બુલડોઝર લઈને ફાઉન્ડ્રીઓ તોડી પાડવામાં આવશેત્યારબાદ ફાઉન્ડ્રી માલિકો કિશોરભાઈ રામાણી, પુનમ કાસ્ટેકના બાબુભાઈ જાદવ, મામદ પતાણી અને અન્ય સાત માલિકો એ એડવોકેટ અર્જુન પટેલ મારફતે કોર્ટમાં વાંધો રજૂ કરવાની સાથે દલીલ કરી હતી કે, કબજા વોરંટ ગેરરીતે મેળવાયું હતું, ઈલેક્ટ્રિક કનેક્શન ખોટી રીતે કાપવામાં આવ્યા જે બંધારણ અને કાયદાનું ઉલ્લંઘન છે.

બંને પક્ષકારોની દલીલો અંતે સિવિલ કોર્ટે ને તમામ ઈલેક્ટ્રિક કનેક્શન તાત્કાલિક રીસ્ટોર કરવા અને બજા વોરંટની અમલવારી પર બીજો આદેશ ન થાય ત્યાં સુધી રોક લગાવવી હતી. આ કેસમાં ફાઉન્ડ્રી માલિકો વતી એડવોકેટ અર્જુન એસ. પટેલ, મેહુલ મહેતા, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા અને આકાંક્ષા એચ. રાજદેવ રોકાયેલ હતા.

## નોંધારાનો આધાર બનતા આસિસ્ટન્ટ કલેકટર મહક જૈન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના રામપરા બેટી, પારેવાડા અને પીપળીયા ગામમાં વિચરતી અને વિમુક્ત સમુદાયનાં લોકો મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યા છે. જો કે, રાજકોટ જિલ્લા વહીવટીતંત્રએ અહીં વાદી મદારી પરિવારોને કાયમી સરનામું આપ્યા બાદ પણ અનેક પરિવારના ૫ થી ૧૮ વર્ષે સુધીની વય જૂથનાં બાળકો તેમજ મોટેરાઓ પાસે જન્મ નોંધણીના દાખલ ન હોવાથી તેઓ શિક્ષણ અને સરકારી યોજનાના લાભથી વાકનહિત ન રહે તે માટે રાજકોટ સીટી પ્રાંત-૨ આસિસ્ટન્ટ કલેકટર મહક જૈન દ્વારા સ્થળ ઉપર કેમ્પ કરી આવા ૬૬ બાળકો-મોટેરાઓને જન્મના પ્રમાણપત્રો આપી નોધારાને આધાર આપવાની કામગીરી કરી હતી.


રામપરા બેટી અને પીપળીયા ગામના ૬૬ બાળકોને જન્મના દાખલા આપી ભણતા કર્યાવિચરતી અને વિમુક્ત જાતિના લોકોને મુખ્ય પ્રવાહમાં જોડવા પ્રયાસ

આસિસ્ટન્ટ કલેકટર મહક જૈનના જણાવ્યા મુજબ કાયદાકીય અજ્ઞાનતાના કારણે રામપરા બેટી, પીપળીયા અને પારેવાડા સહિતની વસાહતમાં વસવાટ કરતા પરિવારોના બાળકોની જન્મ નોંધણી બાકી રહી જવા પામેલ હોય આવા બાળકોની જન્મ નોંધણી માટે અરજદારોને કચેરીએ બોલવાને બદલે રામપરા બેટી ગામે એક કેમ્પનું આયોજન કરી માતા-પિતા પાસેથી નિયત અરજી ફોર્મમાં અરજીઓ મેળવી તલાટી-કમ-મંત્રીને હાજર રખાવી આવા બાળકોની જન્મ નોંધણી થયેલ ન હોવાનું રેકર્ડ ચકાસી અપ્રાપ્ય દાખલાઓ મેળવી બાદમાં જરૂરી સોગંદનામાં સહિતની પ્રક્રિયા પૂર્ણ કરી જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ કુલ ૩૧ (એકત્રીસ) જેટલાં બાળકોનાં નામ ગ્રામ પંચાયતનાં જન્મ રજીસ્ટરમાં નોંધણી કરવા હુકમ કરવામાં આવેલ હતો. બાદમાં જન્મ પ્રમાણપત્રનાં આધારે તમામ બાળકોનાં આધારકાર્ડની કામગીરી પણ કરાવી આપી હતી. એ જ રીતે રાજકોટના પીપળીયા ગામે પણ વિચરતી વિમુક્ત સમુદાયનાં કુલ ૩૫ જેટલાં વ્યક્તિઓ દ્વારા જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ નોંધણીનાં હુકમ મેળવવા માટે અરજીઓ મેળવી અરજીઓની ચકાસણી કરતાં કુલ ૨૫ આ (પચ્ચીસ) જેટલી અરજીઓ રાજકોટ શહેરનાં વિસ્તારને લગત હોય પ્રાંત અધિકારી, રાજકોટ (શહેર-૧) ને જરૂરી કાર્યવાહી અર્થે અરજીઓ તબદીલ કરી બાકી રહેલ ૧૦ જેટલી અરજીઓ કુવાડવા ગામને લગત હોય જરૂરી સોંગંદનામાં સહિતની કામગીરી કરાવી જન્મના દાખલા માટેની કાર્યવાહી હાલમાં ચાલી રહી હોવાનું તેમને જણાવ્યું હતું.

## RMC કમિશનર બંગલો પાસે પંજાબ બેન્કમાં બે વખત તસ્કરો ત્રાટક્યા



### ૧૪ જૂને રાત્રે બે વાગ્યે અને ૨૨ જૂને સવારે પોણા પાંચ વાગ્યે એ.સી.ના આઉટર તોડી વાયર ચોરી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ચોરીની ઘટનાઓ ઘટવાનું નામ જ લઈ રહી નથી ત્યારે આવી વધુ એક ચોરી મ્યુનિસિપલ કમિશનર બંગલો પાસે આવેલી પંજાબ નેશનલ બેન્કમાં થવા પામી હતી. અહીં આઠ દિવસના ગાળામાં તસ્કરોએ બે વખત ત્રાટકીને મધરાત્રે ચોરીને અંજામ આપ્યો હતો.આ અંગે બેન્કના બ્રાન્ચ મેનેજર નૂતનકુમારી રાજવંશીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે ગત ૧૪ જૂને રાત્રે બે વાગ્યા આસપાસ ત્રણ શખસો એ.સી.નું આઉટર તોડી કોપરના વાયર ચોરી કરી રહેલા સીસીટીવીમાં જોવા મળ્યા હતા. આ પછી ૨૦ જૂને એ.સી.ના આઉટરનું રિપેરિંગ કામ ફરી શરૂ કરાવ્યું હતું. દરમિયાન ૨૩ જૂને નૂતનકુમારી બેન્કે ગયા ત્યારે તેમને આઉટરનું કામ કરનારે કહ્યું હતું કે તેમણે આઉટરનું જેટલું કામ કર્યું હતું તે કોઈએ અસ્તવ્યસ્ત કરી નાખ્યું હતું અને કોપરના વાયરની પણ ચોરી કરાઈ હતી. જો કે બેન્કમાં ઝોનલ ઓફિસરની વિઝિટ હોવાની ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. આ વિઝિટ પૂર્ણ થયા બાદ સીસીટીવી ચેક કરાતાં ૨૨ જૂને સવારે પોણા પાંચ વાગ્યે પણ ત્રણ લોકો એ.સી.નું આઉટર તોડી તેમાંથી કોપર વાયરની ચોરી કરતાં જોવા મળ્યા હતા. આમ ૧૪થી ૨૨ જૂન સુધીમાં બે વખત વાયરની ચોરીને અંજામ અપાયો હતો. તસ્કરો અહીંથી ૧૮૦૦૦નો કોપર વાયર ચોરી ગયા હતા.

## ન્યુ સાગર સોસાયટીમાં મોબાઈલમાં મશગુલ રહેતી યુવતીને પરિવારે ઠપકો આપતા કર્યો આપઘાત

### યુવતીએ ગળાફાંસો ખાઇ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મોબાઇલમાં મશગુલ રહેતી યુવતીને પરિવારજનોએ ઠપકો આપતા તેણીને લાગી આવતા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા રોડ પર કેદારનાથના ગેઇટ પાસે આવેલી ન્યુ સાગર સોસાયટીમાં રહેતી ઉર્વિશા સલીમભાઈ માઢાત (ઉ.વ.૧૯)નામની યુવતીએ સવાર પોતાના ઘરે પંખા સાથે ચુંદળી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા ૧૦૮નો સ્ટાફ દોડી ગયો હતો. જેને યુવતીને મૃત જાહેર કરી પોલીસને જાણ કરતા ભકિતનગર પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક ઉર્વિશા એક ભાઈ ત્રણ બહેનમાં વચેટ અને તેના પિતા રીક્ષા ચાલક હોવાનુ જાણવા મળ્યું છે. વધુ તપાસમાં મૃતક ઉર્વિશા સતત મોબાઇલમાં મશગુલ રહેતી હોય જેથી પરિવારજનોએ ઠપકો આપતા લાગી આવતા આ પગલુ ભરી લીધાનું ખુલ્લા પામ્યું છે. પુત્રીના મોતથી પરિવારજનોમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે.

## રેલનગરમાં પતિએ પરસ્ત્રીને ઘરમાં બેસાડી પત્ની-બાળકોને કાઢી મુકતા ચકચાર

### પ્રેમાંધ પતિ વિરુદ્ધ પરિણીતાએ પોલીસ દફતરે નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેલનગરમાં ચંદ્રશેખર આઝાદ ટાઉનશિપમાં રહેતા કાજલબેન રોહિતભાઈ પરમાર(ઉ.વ.૩૩)એ તેમના પતિ રોહિત મંગલભાઈ સામે ત્રાસ અંગે ફરિયાદ નોંધાવી છે. કાજલબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા લગ્ન દશ વર્ષ પહેલા થયેલ છે અને મારા પરિવારમા હુ તથા મારા પતિ રોહિતભાઈ અને મારે સંતાનમાં બે બાળકો છે. લગ્ન થયા ત્યારેથી લઈ રાજવીરના જન્મ સુધી મારા પતિ રોહિત મારી સાથે સારી રીતે રહેલ બાદ મારા પતિ રોહિત તેના ઘરમાં સારી રીતે રાખતા ના હોય અને હું તેમને કોઈ બાબતે પુછુ તો મને આડા અવડા જવાબ આપીને જેમ ફાવે તેમ મેણા ટોણા મારીને કેહતા કે તારે મારી પંચાત કરવાની શું જરૂર છે અને નાની બાબતે મારી સાથે બોલા ચાલી કરીને

મારા પિયરમાં મારા બાળકો સાથે મુકી જતા હતા અને મહિનાઓ સુધી મારી તથા મારા બાળકોની ભાળ લેતા નહીં છેલ્લા પાંચેક મહિના અગાઉ મારા પતિ મને ઘરનું લાઈટ બિલ ભરાઈ શકાયુ નથી તેવુ કહી મને તથા મારા બાળકોને સસરાના ઘરે અક્ષરનગર ગાંધીગ્રામ રાજકોટ ખાતે મુકી ગયો હતો.

પતિ મારા સસરાના ઘરે દિવસ દરમ્યાન બે ત્રણ કલાક આવતા પણ મારી તથા મારા બાળકોની ભાળ કે સારસંભાળ લેતા નહી બપોરના આશરે બારેક વાગ્યાના અરસામાં મારા પતિ મારા સસરાના ઘરે આવીને મને કહેલ કે મેં મારા ઘરમાં બીજી બાયડી આરતીને બેસાડી છે અને આજ થી તું મારી પત્નિ નથી અને તું રૂબરૂ આવીને ઘરે જોઈ લે જેથી હું તથા મારા માતા હંસાબેન તથા મારા જેઠ અમીતભાઈ તથા જેઠાણી મોનીકાબેન અમો બધા બી વીંગ બ્લોક નં.૫૩ ચંદ્ર શેખર આઝદ ટાઉનશીપ રેલનગર ખાતે સાંજના આશરે પાંચેક વાગ્યાના જઈ જોયું તો મારા પતિ તથા આરતી બન્ને જણા ઘરમાં હાજર હતા અને મારા પતિએ મને કહેલ કે તારા અને છોકરાઓના કપડાનાં પોટલા બાંધી મુકી દિધા છે આ આરતી જ મારી ઘરવાળી છે અને તારી અને છોકરાઓ સાથે મારે હવે કોઈ સબંધ નથી. આ બાબતે મારી સાથે રક ઝક કરી મને તથા મારા છોકરાઓને ઘરની બહાર ધક્કો મારી કાઢી મુકેલ તથા મારા મમ્મી હંસાબેન તથા મારા જેઠ અમીતભાઈ તથા જેઠાણી મોનીકાબેન તેને સમજાવતા તે સમજેલ નહીં અને તેઓ બધાને પણ ઘરની બહાર કાઢી મુકેલ અને કહેલ કે કાજલ અને મારે હવે કોઈ સબંધ નથી અને દરવાજો બંધ કરી દીધો હતો.જેથી આ મામલે પ્ર.નગર પોલીસમાં ફરિયાદ કરી હતી.

## જીંદગીથી હારી આત્મહત્યાના વિચારો કરતી પરણિતાની વ્હારે પહોંચતી અભયમ ૧૮૧ મહિલા હેલપલાઇન ટીમ

### કુશળ કાઉન્સિલિંગ દ્વારા અભયમ ટીમ પીડિતાને આત્મ હત્યાના વિચારમાંથી કરી મુક્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તારીખ - ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ રાતે ૧૮૧ મહિલા હે્પલાઇન પર પીડિતા ના માતા નો ફોન આવેલ કે મારી દીકરી આત્મહત્યા કરવાની કોશિશ કરતી હોય અને ઘરે થી અવાર નવાર નીકળી જાય છે આથી તેમને સમજાવવા માટે આવો.

પીડિતા ના માતા નો ફોન આવતાની સાથે જ ૧૮૧ મહિલા હે્પલાઇન તાલુકા પોલીસ સ્ટેશન રાજકોટ ટીમ ના કાઉન્સેલર શીતલબેન સરવૈયા તથા ટીમ ઘટના સ્થળ પર પહોંચી પીડિતા બહેન સાથે વાત કરતા જાણવા મળ્યું કે પીડિતા બહેન નું ૦૫ વર્ષ લગ્નજીવન છે સંતાન માં ૦૨ બાળકો છે, પીડિતા બહેનએ જણાવેલ કે તેમના સાસરીપક્ષ માં તેમના સાસુ સસરા તથા પતિ દ્વારા માનસિક તથા શારીરિક ત્રાસ આપવામાં આવતો હોય તેથી તેઓ સાસરી થી પિયર ૧૧ મહિના થી રહે છે બને બાળકો સાથે,પીડાતા બહેન એ જણાવે તેઓ જીંદગી થી સાવ હારી ગયેલ છે જીવન પ્રત્યે કોઈ લગાવ રહ્યો નથી હવે આથી આત્મહત્યા કરી પોતાનું જીવન સમાપ્ત કરવા માગે છે, બહેન જણાવે છે તેઓ છેલ્લા ત્રણ મહિના થી ડિપ્રેશન માં હોય, પીડિતા બહેન ની વાત સાંભળી ૧૮૧ ટીમ દ્વારા તેમનું કાઉન્સેલિંગ કરી તેમને સાંત્વના, હિંમત આપી તેમને સમજાવ્યું કે આમ્? જીંદગી થી હારી ને આત્મહત્યા કરવી એ કોઈ સમસ્યાનું સમાધાન નથી, ડિપ્રેશન માંથી બહાર નીકળવા મનગમતી પ્રવૃતિ કરે,ખુદની જાતને થોડો સમય આપે, બાળકો સાથે સમય વ્યતિત કરે, પુસ્તકો વાંચે અથવા તો નોકરી કરી પગભર થાય, આમ જીંદગી થી હારી ને બેસી રહેવું તથા આત્મહત્યા ના વિચારો કરવા એ યોગ્ય નથી , તેઓ તેમના પતિ સાથે રહેવા માંગતા નથી, પરંતુ પોતાના બાળકો નું વિચારી ને તેમની જિંદગી જીવી શકે,સતત ત્રણ કલાક પીડિતા બહેનનું કાઉન્સેલિંગ કરી હિંમત આપ્યા બાદ પીડાતા બહેન ને પોતાની ભૂલ નો અહેસાસ થયો કે આત્મહત્યા કરી ને જીંદગી થી હારી જવું ના જોઈએ, હવે થી તેઓ કયારેય પણ પોતાની જિંદગી ટૂંકાવવા નો વિચાર નહિ કરે, પીડિતા બેન ને મહિલા સહાયતા કેન્દ્ર મા લાંબાગાળા ના કાઉન્સિલીંગ માટે ની માહિતી આપેલ , તથા સખી વન સ્ટોપ સેન્ટર વિશે ની માહિતી આપેલ, પરંતુ પીડિતા હાલ કોઈ પણ પ્રકારની અન્ય મદદ લેવા ઈચ્છતા નથી, અને ક્યાંય જવા પણ માંગતા નથી , આથી પીડાતા બહેન ને સમજાવી તેમના આત્મહત્યા ના વિચારો અટકાવવા નો પ્રયાસ કરેલ, પીડિતા બહેન તથા તેમનાં પરિવારજનો એ ૧૮૧ ટીમ નો આભાર વ્યક્ત કર્યો.

## પ્લાસ્ટીકનો સ્ક્રેપ મોકલવાના બહાને વેપારી સાથે પાંચ લાખની ઠગાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સ્ક્રેપના ધંધાર્થીને અમદાવાદના શખ્સે પ્લાસ્ટીકનો મોકલાવવાના બહાને ઓનલાઇન બેંકમાં પાંચ લાખ રૂપિયા ટ્રાન્ફર કરાવી બાદમાં સ્ક્રેપનો માલ નહીં મોકલી છેતરપીંડી કરતા સાઇબર ક્રાઇમ પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં રહેતા બ્રજેશભાઇ મુકુંદભાઇ બાંભરોલીયા નામના વેપારીએ અમદાવાદના બ્રિજલ સુરેન્દ્ર શાહ નામના શખ્સ સામે રાજકોટના સાઇબર ક્રાઇમ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, આ અમદાવાદનો શખ્સ અગાઉ તેનો કોન્ટેક કરી એક કન્ટેનર પ્લાસ્ટીક સ્ક્રેપનો ભાવ પાંચ લાખ જણાવી ફરીયાદી પાસેથી રૂ.૫ લાખ પોતાની બેંકના ખાતામાં જમા કરાવી બાદમાં માલ નહીં મોકલાવી છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરતા ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે સાઇબર ક્રાઇમ પોલીસ મથકના પીએસઆઇ પી.જી.આલ એ ગુન્હો નોંધી અમદાવાદના ઠગ વેપારીની શોધખોળ શરૂ કરી છે.

## રાજકોટની જસ્મીન કૌરે ગુજરાત કેસરીની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતી જસ્મીન કૌર નામની યુવતીએ માત્ર પાંચ મહિનાની ટ્રેનીંગ લીધા બાદ ગુજરાત કેસરીની રાજકોટમાં યોજાયેલ ૧૧૦ કિલો ડેડ લિફ્ટિંગની સ્પર્ધામાં ગુજરાતમાં પ્રથમ આવી જસ્મીન કૌરે ગોલ્ડ મેડલ મેળવી રાજકોટનું અને પરિવારનું ગૌરવ વધાર્યુ છે.